પુષ્પહાર.



નિવેદન અને આભાર દર્શન.

સાહિત્ય કુંજવિહારી !

તમારા હસ્તમાં "પુષ્પહાર" નું ખાસ સચિત્ર પુષ્પ મૂકતાં અમને અત્યંત સંતોષ અને હર્ષ થાય છે. અનેક મુશ્કેલીઓનો અનુભવ કરતાં આ પુષ્પ આપની સેવામાં મૂકાશે કે કેમ તે બાબતનજ મોટી શંકા હતી. પણ મારા પરમ પ્રિય સ્નેહી છગનલાલ સી. લોઢીવાલાની અત્યંત કીમતી મદદથીજ આ પુષ્પ આટલું આકર્ષક બની શક્યું છે અને તે માટે એ બંધુનો હું અત્યંત ઋણી છું. એ બંધુની પુષ્પહાર તરફની ભલી લાગણીઓ અને આ પુષ્પને આકર્ષક બનાવવાના ઉત્સાહ માટે હું અતિશય આભારી છું.

કેટલાક સ્નેહી ગ્રાહકોએ નવિન ગ્રાહકો મેળવી આપી પુષ્પહારના જીવનમાં નવિનતા આણી છે તે માટે તેમનો પણ મારા ઉપર ઓછો ઉપકાર નથી.

"પુષ્પહાર" માસિક વાર્તામાળાના સ્વરૂપમા હવેથી દરમાસે નિયમિત રીતેજ પ્રગટ થશે.

આ અંકને માટે મારી વિનંતીને માન આપી પોતાના સમયનો ભોગ આપી વાર્તાઓ મોકલનાર સાક્ષરશ્રી છગનલાલ હરીલાલ પંડ્યા, ભીખાભાઇ છોટાલાલ. રા. રા. રા. કૃષ્ણ અનંત ઓરપાડકર, રા. બાલકવિ, અને વખતો વખત કીમતી સલાહ આપનાર રા. છગનલાલ મેતાપભાઇ ખંભાતી એઓશ્રીનો

અંતઃકરણપૂર્વક આભાર માનું છું. આશા છે કે આ વર્ષમાં એ મારા વિદ્વાન સ્નેહીઓ પોતાની કૃપાદ્રષ્ટી ચાલુ રાખી પોતાની કલમનો લાભ આપશે.

આ પુષ્પ બનતી ઝડપથી તૈયાર કરી આપવા માટે "જૈન વિજય" પ્રેસના માલીક શા. મૂળચંદભાઈ અને તેમના સ્ટાફનો પણ સપ્રેમ આભાર માનું છું.

ઇશ્વરેચ્છા હશે તો "પુષ્પહાર" નું દરેક પુષ્પ ચાલુ વર્ષમાં સચિત્ર અને રસિક વાંચનથી ભરપુરજ પ્રગટ થશે. એ શિવાય તંત્રી ડહાપણ, દશાશ્રીમાળી હિતેચ્છુ, સાંપ્રત સમય, દંપતી હિતેચ્છુ વગેરેએ પણ કીમતી મદદ આપી છે તે તે માટે તેમનો પણ આભારી છું.

છેવટે મારા રસિક ગ્રાહકો જેમણે પુષ્પહારના અનેક દોષો તરફ ક્ષમ્ય દ્રષ્ટીથી જોઇ પોતાની મદદનો લાભ આપતા રહ્યા છે તેમનો ફરીથી આભાર માની પરમાત્મા મને એ રસિક વાંચક વર્ગની સેવા કરવાને વધારે બળ આપે એવી પ્રાર્થના સહિત વિરમીશ.

લી. સર્વનો સ્નેહાભિલાષી,
ચંપકલાલ ગીરધરલાલ જરીવાલા.
પ્રયોજક.

પુષ્પહાર.

પ્રથમ)   ડીસેંબર ૧૯૨૬.   (પુષ્પ.

ફૂલ.

ફૂલ તે કાંઇ ફૂલ:
    વ્હાલા ફૂલડાં પર દિલ ડૂલ !
કળવાં વ્હાલાં ફૂલ:
    જાણે દિલબર દિલ મશગુલ !
મધુરાં વ્હાલા ફૂલ:
    એ તો દિલને દિલ-બુલબુલ !
ઉજળાં વ્હાલા ફૂલ:
    એ તો અજવાળે દિલ ગુલ !
કુમળાં વ્હાલા ફૂલ:
    એ તો પ્રેરે પ્રાણ પ્રફુલ્લ !
વ્હાલા જેવાં ફૂલ:
    જાણે પ્રભુમૂર્તિ અણમૂલ !

"લલિત."

ૐ

પુષ્પહારનો સત્કાર !

(સખી સ્વપ્ન મહીં. એ લય.)

ભગવાન તણી ભક્તી કરતાં,
ગુરૂપાસ જઇ શિક્ષને ધરતાં;
સતિને પતિ પ્રેમ થકી વરતાં,
છે **પુષ્પસુહાર** મુદે ભરતાં-

જયમ ચંપક જાઇ ગુલાબ જુઇ,
મંદાર કદંબ ચમેલી લઇ;
ભિન ભિન સુપુષ્પથી હાર કરે,
જે ગંધ થકી ચિત નીત્ય હરે-
ત્યમ 'ચંપક' ની કૃતિએ પ્રસરી,
ભિન ભિન સુલેખકથી ચિતરી,
ગુંથાઇ કથા પુષ્પો હારે,
તે 'બાલ' સુવાન શિરે ધારે-

'બાલકવિ' જામનગર.

વહાલી નવેલી લેખકોની હૃદય વાડિ નિહાળતાં,
ખીલ્યાં અતી શુભ બાલપુષ્પ સુગંધ માંહિ પ્રસારતાં-

ઇશારો.

ગઝલ-કવ્વાલી.

હતી મેને ખુશી આવી તો ઇશારો કયમ કર્યો કાતીલ,
નજરનો માર જે માર્યો હવે સેવા સ્વીકારી લે.
કદી ના પ્રેમ અર્પે તો મુને દાસી કરી લેની,
અજાણી હૃદયવીણાને મધુરા નાદ કંઇ ગાની.
પ્રગટ જે અગ્નિને કીધો બુઝાવોને હવે વ્હાલા,
અજબ અંતર બહુ મારૂં સતાવો શું હવે હાલા.
પછી નહિંજ માનો તો—
પ્રભુપના પંથને છોડી સ્મરણ શ્રી રામનું કરશું,
દગો જો તેં કર્યો દીલબર હવે કોને કહું ને શું ?
નહિ ઇન્સાફ જગમાં તો જાઇશું દેવ દરબારે,
કરી ફરીયાદ અંતરની દગાની દાદને ચહાશું.

બેગમપુરા.
સુરત.

ચંપકલાલ. છ. જરીવાળા.

હું ડીટેકટીવ કેમ થયો?

(લેખક—રા. શ્રી. છગનલાલ હરીલાલ પંડયા.)

"છુપી પોલીસના ખાતામાં જોડાવાની, પિતાજી' મ્હારી ઇચ્છા છે. તેની સામે આપને કંઇ વાંધો નહિ હોય એમ ધારૂં છું."

પોતાના એકના એક, વ્હાલા, આશા ભર્યા, બુદ્ધિમાન્, સુશિક્ષિત પુત્રને મ્હોંએથી નીકળતો અણધાર્યો પ્રશ્ન એકાએક સાંભળીને ધી ઓનરેબલ બાબુ પ્રસન્નકુમારના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેઓ કંઇ લખવાના કાર્યમાં પ્રવૃત્ત થયેલા હતા તેમાંથી એકદમ ચમકીને ઉંચુ માથું કરી, કલમ પડતી મૂકી, ચશ્માં ઉતારી નાંખી—હાથમાં લઇ સ્થિર દૃષ્ટિથી તેઓ તેની સામે જોવા લાગ્યા. પોતાને કાને જે શબ્દ પડયા હતા, તે ખરા હતા. પોતે સ્વપ્નાવસ્થામાં તો ન હતા, એની પણ એમને આ વેળા શંકા થઇ આવી. ગિરીશચંદ્ર બાબુ થોડા દિવસથી પોતાના કોઇ મિત્રને ગામ ગયેલા હોવાથી તે હમણાંજ પાછા આવ્યાની પણ તેના પિતાને ખબર નહતી તેથી તેનું અચિન્તિત દર્શન પણ તેના પિતાના મનની આ અસ્વસ્થ સ્થિતિનું કારણ થઇ પડયું હતું.

"આ ખાતામાં?—"પોતાના મનનું સમાધાન કરવા—પોતાને કાને શબ્દ પડયા હતા તે ખરા હતાં કે ખોટાં તેની ખાત્રી કરવા તેઓએ પ્રશ્ન કર્યો, "છુપી પોલીસ—"

"પોલીસ!!—મ્હારોપુત્ર—પોલીસ!"

"વ્હાલા પિતાજી! એમ એ ખાતાને છેક વખોડો નહિ."

ગિરીશચંદ્રના મુખારવિંદ ઉપર મંદહાસ્ય છવાઇ રહ્યું. તેના શરીરનો બાંધો મજબૂત હતો. તેની આંખો ચપળ હતી, મુખમુદ્રા આકર્ષક હતી એટલે તેનો ઉત્સાહ આવા સાહસિક કામમાં જોડાવાનો થાય તેમાં નવાઇ નહતી, પણ પોતાના પુત્રે આ ધંધો સ્વીકારવાનો નિશ્ચય કરેલો હોવો જોઇએ એમ તેના પિતાને હવે જણાયાથી તેમને દુઃખ થવા લાગ્યું. ક્યાં પોતે તેના ભવિષ્યને માટે બાંધેલી મ્હોટી મ્હોટી આશાઓ અને ક્યાં આ તેના મનનું વલણ! ક્યાં પોતાનું પ્રતિષ્ઠિત કુળ અને ક્યાં આ પ્રાકૃત જનને ઉચિત ધંધો! એટલું તો કહેવું જોઇએ કે તેમની આર્થિક સ્થિતિ તેમના ઉંચા કુળને શોભા આપે એવી હાલ ન હતી. તેમની યુવાવસ્થામાં તેઓએ માન પ્રતિષ્ઠાની સાથે લક્ષ્મીની પણ સારી વૃદ્ધિ કરી હતી. તેમની મ્હોટી જાગીરમાંથી પણ ઉપજ સારી આવતી હતી પરંતુ તેમને બીજીવાર લગ્ન કરવાની જરૂર પડી ત્યાર પછી તે જાગીરનો વહીવટ કરનારની કૃતઘ્નતાને લીધે, કે પછી અનાવૃષ્ટિના કારણને લીધે, કે તેમની નવી પરિણીતા વધુના અતિ ખરચાળ સ્વભાવને લીધે, તેમની આવક ઘટી ગઇ હતી ને તેઓ મહા મુશીબતે પોતાની અગાઉની સ્થિતિ બહારથી પણ જાળવી શકતા હતા. તેમનું શરીર હષ્ટ પુષ્ટ હતું તેથી કોઇ તેમની ખરી હકીકત કળી શકે એમ હતુંજ નહિ. તેમના પુત્રનાં વચન સાંભળી તેઓ સ્તબ્ધ બની ગયા હતા તેથી તેમનું સાન્ત્વન કરતાં તેણે કહ્યું:—"જુઓની પિતાજી, આજકાલ દેશમાં ઘણા ગંભીર પ્રકારના ગુન્હા બન્યા જાય છે. સુશિક્ષિત યુવકો સુધરેલા જમાનાનાં નવાં નવાં સાધનોનો ઉપયોગ કરીને ગામડાંમાં રહેતા ધનિકોનું દ્રવ્ય જોત જોતામાં લુટી જાયછે, તેની સાથે તેમનાં ઘણા

તેમનાં કુટુમ્બીઓનાં શરીરને હાનિ કરે છે તે તો જુદી. આ ગુન્હેગારોને પકડવા સરકારી પોલીસ ઘણા પ્રયત્નો કરે છે પણ હજી તેઓ હસ્તગત થયેલા નથી તેથી, આપણા દેશના કલ્યાણને અર્થે–તેને આવા નિર્દય લુટારાઓના પંઝામાંથી છોડાવવાને માટે પણ મ્હારા જેવા નિરૂદ્યમી, પણ ઉત્સાહી, યુવકોની જરૂર છે સ્વાભાવિક રીતે મ્હારા મનનું વલણ તે ધંધા ઉપર મૂળથીજ છે એમ મને ક્યારનુંએ સમજાયું છે. એવા મુકદ્દમાને લગતી હકીકતો વાંચવાનો મને શોખ છે એટલુંજ નહિ પણ તેમાં ભાગ લેનારાઓ ક્યાં દોષ કરેછે ને તે દોષ કેમ દૂર કરી શકાય, તથા ગુન્હેગારોને પકડવાને શા ઉપાય લેવા જોઇએ, તે મ્હારા મગજમાં ઘુમ્યાં કરે છે. હું કોઇ હલકાને નજીવા કેસ લેવાનું ધારતો નથી. એકાદ એવા કામમાં હું જોડાવા માગુંછું કે, તેમાં યશની સાથે ધનની પણ સારી પ્રાપ્તિ થાય. આપ જુઓછો કે હાલ તો હું નિરૂદ્યમીજ છું; તો મ્હારો કાળ શામાટે મ્હારે નિરર્થક વહી જવા દેવો જોઇએ? આજ સુધી મ્હેં કંઇ દ્રવ્યોપાર્જન કર્યું નથી અને હજી પણ આમ હાથ જોડીને બેસી રહેવું એ મને પસંદ નથી. કોઇ શ્રીમાનની કન્યા પરણીને ધનાઢ્યની પંક્તિમાં ગણાવું એ મને રૂચિકર નથી. આપ પણ મને કંઇ આર્થિક સાહાય્ય કરી શકો એમ છે નહિ, તો પછી મ્હેં જે નિશ્ચય બાંધ્યો છે તેમાં ખોટું શું છે તે હું સમજતો નથી. બીજાઓ વ્યાપાર કરીને ધન મેળવે છે તેઓ શું હલકા ગણાય છે? આપ જાણો છો કે નાનપણથી મને નાના નાના ગુન્હા છુપી રીતે શોધી કાઢવાનો શોખ પણ છે."

"હું એવું કંઇ જાણતો બાણતો નથી. આવી બેવકુફાઇ તું કરશે એવું તો મ્હારા ખ્યાલમાં પણ નહતું. મને મ્હારી ચિન્તા પડી

છે તેમાં વળી ત્હેં આ વાત કરી તેથી મ્હારૂં મન વિશેષ ઉદાસ બની ગયું છે. એક સાધારણ પોલીસનું કામ કરવાને મ્હારો પુત્ર– મ્હારા જેવા એક ઉત્તમ કુળનો વારસ– મ્હારી અનુજ્ઞા માગશે એવું તો કદી મ્હેં સ્વપ્ને પણ ધાર્યું નહતું.

ગિરીશચન્દ્ર વિશેષ ખુલાસો કરવા જતા હતા પણ તેને તેના પિતાએ પોતાની અધીરાઇ જણાવી રોકી દીધો "હવે એક શબ્દ પણ એ વિષે હું સાંભળવા માગતો નથી."

આથી બિચારા ગિરીશને હમણાં તો પોતાની ઉમેદ પૂરી કરવાનો સમય નથી એવી ખાત્રી થઇ, પરંતુ બીજે દિવસ સવારે તે કપડાં પહેરી બહાર ફરવા જવાની તૈયારી કરતો હતો તેવામાં નોકરે જરા દોડતાં આવીને તેને કહ્યું કે:–'શેઠજી આપને જલદી બોલાવેછે'. આ સાંભળી ગિરીશ જરા ચમક્યો–પિતાની પ્રકૃતિ તો બગડી નહિ હોય ? એકદમ એકદમ એવું શું કામ આવી પડયું હશે ? આવો વિચાર આવતાંજ તેણે નોકરને કહ્યું:–"ચાલ ત્હારી સાથેજ હું આવું છું કેમ કંઇ નવાઇ જેવું બન્યું છે ?"

"હા જી,–શેઠનો મિજાજ હાથથી ગયો લાગે છે."

"એમ! ઠીક–પણ તેનું કંઇ કારણ ?"

"નહિ–સાહેબ–તે મ્હારા જાણવામાં નથી."

આમ વાત કરતા કરતા તેઓ ચાલતા હતા એટલામાં પાછવા- ડેથી તેના નાના ભાઇ મોહનગુપ્તે આવીને તેનો હાથ પકડી–"મ્હોટા ભાઇ–આ મ્હારી પતંગ ઉડતી નથી તે ચઢાવી આપોને"–એવી વિનતિ કરી.

તેની આકૃતિ રમણીય હતી. બાલ્યાવસ્થાનો નૈસર્ગિક આનંદ તેના મુખ ઉપર છવાઇ રહ્યો હતો. યથેચ્છ ભ્રમણ કરવાથી-ખુલ્લી હવામાં હરવા ફરવાથી તેના મુખનું લાવણ્ય તેજોમય બન્યું હતું. સુંદર વસ્ત્રો તથા આભુષણો તેની કાન્તિના તેજમાં વૃદ્ધિ કરતાં હતાં. તેના એક હાથમાં એક મ્હોટી પતંગ હતી તે જોતાંજ જણાયું હતું કે, એકલે હાથે ચઢાવવા જતાં તેણે તેમાં કંઇક નુકશાન કર્યું હતું. તેથી તેને સુધારવાની જરૂર હતી. ગિરીશ બાબુ સમજી ગયો કે આ કામ કંઇ ઝટ બને તેમ નહતું તેથી તેણે પોતાના બાઇને હાથમાં ઉપાડી લઇ વ્હાલથી ચુમ્બન કરીને. હમણાંજ પોતે પિતાજી પાસેથી આવીને પતંગ સમી કરી આપશે એમ જણાવી તેના મનનું સમાધાન કર્યું

દિવાનખાનામાં પ્રવેશ કરતાંજ તેને જણાયું કે, તેના પિતાનું સ્વરૂપ આ વેળા અતિ ઉગ્રબન્યું હતું. તેમનો શ્વાસ જરા જોરથી ચાલતો હતો-આંખો લાલચોળ થઇ હતી-નસકોરાં વખાતોવખત ફૂલી જતાં હતાં-છાતી ધબકતી હોય એવું અનુમાન થઇ શકતું હતું. અજંપો તેમના પ્રત્યેક અવયવમાં સ્પષ્ટ હતો. ઘડીકમાં પાસેના ટેબલનું એક ખાનું ઉઘાડતા તો ઘડીકમાં ટેબલ ઉપરના કાગળના થોકડા અસ્ત વ્યસ્ત કરી નાખતા-ઘડીકમાં ટેબલ નીચે દષ્ટિ કરતા તો ઘડીકમાં બારીએ ડોકીઉં કરી લાંબી નજર ફેરવતા. પણ કોઇ રીતે તેમના મનની શાન્તિ થતી નહિ.

"મને, પિતાજી! શી આજ્ઞા છે?"-પ્રવેશ કરતાંજ ગિરીશે સમગ્ર દેખાવ ચિત્તમાં ચિત્રી લેતાં પ્રશ્ન કર્યો.

"આવ આવ-ભાઇ-આ તો કંઇ અજાયબ વાત કહેવાય" મને કંઇ સમજણ પડતી નથી કે કેમ બન્યું હશે?—

"શું પિતાજી? કંઇ આપને અરૂચિકર વૃત્તાન્ત ઉપસ્થિત થયોછે?"

"અલબત- ઘણોજ અરૂચિકર-ઘણોજ અણગમતો-વાસ્તવિક રીતે-તને તો કહેવામાં કંઇ અડચણ નથી તેથી જણાવવું જોઇએ કે-મ્હારો એક અતિ અગત્યનો કાગળ-ઘણોજ ખાનગી લેખ-આ ટેબલ ઉપરથી હમણાંજ અલોપ-અદૃશ્ય-થઇ ગયો છે!"

"શું કહો છો! હમણાંજ! કેટલી વાર થયાં?"

"અરે અબઘડી."

"પણ એ તે પિતાજી કેમ બને! મને કંઇ સમજમાં આવતું નથી."

"લે, હું સમજાવું. કાલ તું છુપી પોલીસમાં રહેવાની વાતો કરતો હતો ને ત્હારાંમાં કંઇક તે કામ માટેની યોગ્યતા છે એમ જણાવતો હતો તે વેળા તો હું તને હસતો હતો પણ હવે તો ત્હારામાં તેવી શક્તિ હોય તો તે અજમાવવાનો આજનજ પ્રસંગ છે."

"ઘણીજ ખુશીની સાથે પિતાજી."

"હમણાંજ હું ત્હારાં માતાજી પાસે ઉપર કંઇ વાત કરવા ગયો હતો ને પાછો આવીને જોઉં છું તો કાગળ ન મળે?"

ગિરીશને પોતાના પિતાની મુખમુદ્રા ઉપરથી સમજવામાં આવ્યું કે તેમના મનમાં ખરેખર તો ગભરાટ ઘણો છે પણ બ્હારથી તેઓ તે સંતાડી રાખવાને મથે છે.

"એ કાગળ શી બાબતનો હતો?"

"એનું ત્હારે શું કામ છે? એટલુંજ જાણવું બસ છે કે, તે ઘણાજ વિશ્વાસુ કાર્યને લગતો હતો, અને મ્હારા સિવાય બીજા કોઇની દૃષ્ટિ તેના ઉપર પડવી નહિ જોઇએ એમ હું ઇચ્છું છું."

ગિરીશને કંઇક ભેદ સમજાયો–હાલની તેમની સ્થિતિ જોતાં તેઓ કેટલાંએ કામ એવાં કરતા હશે કે જે જગતની દૃષ્ટિયે પડવાં ન જોઇએ એમ એને લાગ્યું.

"શું એ પત્ર આપને કોઇના તરફથી મળ્યો હતો?"

"નહિ નહિ–એતો હુંજ લખતો હતો– તે લગભગ પૂરો થવા આવ્યો હતો એટલામાં હારાં માતાજીએ મને કંઇક વાત કરવા ઉપર બોલાવ્યો."

"એ સંદેશો લાવનાર કોણ હતું?"

"એમની દાસી પણ એને કંઇ આની જોડે લાગતું વળગતું નથી-કેમકે એતો મ્હારી આગળ ચાલતી ચાલતી પાછી તરતજ ઉપર ગઇ.

"આપને ઉપર કેટલી રોકત થઇ હશે?"

"દશ મિનિટથી વધુ તો નહિજ હોય, કદાચ તેથી પણ ઓછી હશે. એ કાગળ ટેબલ પર ખુલ્લો પડયો છે એ વિચાર મ્હારા મનમાં રમી રહ્યો હતો તેથી તો હું જેમ બને તેમ ત્યાંથી વહેલો ઉતરી આવ્યો."

"આપ સિધાવ્યા ત્યારે બારણું બંધ કરતા ગયા હતા?"

"હા–અને હું આવ્યો ત્યારે પણ તે તો બંધજ હતું.

"એ કાગળ સિવાય બીજી કોઇ ચીજ ચોરાઇ છે?"

"નહિ–બીજું તો કાંઇ ગયું જણાતું નથી.–ટેબલ, હું મૂકીને ગયો હતો તેવીજ સ્થિતિમાં બીજી રીતે જણાયું હતું."

"કાગળ કઇ જગાએ હતો તે જણાવશોજી?"

મ્હારી બ્લોટિંગ–બુક ઉપર અનસૂયા આવી તે વેળા હું લખતો હતો. જતી વેળા બ્લોટિંગનું પાનું તેના ઉપર હું ઢાંકતો ગયો હતો કે તે કોઇની દ્રષ્ટિયે પડે નહિ.”

“નક્કી આપે તે ઢાંક્યો હતો ?”

“ એના કંઇ સોગન બોગન ખવાય નહિ. મને લાગેછે કે મ્હેં તે ઢાંક્યો હતો. મ્હારો તે ઢાંકવાનો વિચાર ચોક્કસ હતો પણ મ્હારાં માતાજી શું કહેવા બોલાવતા હશે તે જાણવાની આતુરતામાં કદાચ ખુલ્લો રહી પણ ગયો હોય.

“અનસૂયાએ જોયું હતું કે આપ લખતા હતા ?”

“જોયા વિના કેમ રહે ? તેની નજર મ્હારા ઉપર તો પડવીજ જોઇએ પણ હું શું લખતો હતો તે કંઈ એના જાણવામાં આવે એમ નહતું અને મ્હેં તને જણાવ્યું છે તેમ મ્હારી તો ખાત્રી છે કે આ કામમાં તેનો કંઇ હાથ છેજ નહિ.”

“ના–ના એણે કંઇ લીધો હશે એમ હું સમજાવવા માગતોજ નથી. આપણા મકાનની આસપાસ એવું કોઇ હતું કે જે આપ કાગળ લખતા હતા એ વાત જાણતું હોય. ?”

‘અરે એક ચકલું પણ નહિ. એતો હું સમ ખાઇને ખાત્રીથી કહી શકું એમ છું.” તેમની ગભરામણ વધતી જતી હતી એમ ગિરીશને ભાસ્યું.” બીજું કોઇ એ કાગળને લગતી હકીકત જાણે તેના કરતાં તો મ્હારી જીંદગીજ ટુંકી થાય એ હું વધારે પસંદ કરૂં છું સમજ્યો ગિરીશ આમાં બહુ સંભાળ રાખવાની છે.”

“એ બાબત આપ નિશ્ચિત રહેશો.. આપની ગેરહાજરી દરમ્યાન કોઇ આ દિવાનખાનામાં આવ્યું ગયું હતું કે નહિ તેની આપે તપાસ કરી?”

"એજ નવાઇ જેવું છે તો. માધુને મ્હેં પૂછ્યું તો તેણે કહ્યું કે પાસેની ઓરડીમાં તે ચ્હાનાં વાસણ સાફ કરતો હતો અને તેણે ચોકસ કોઇને જતાં કે આવતાં દીઠું નથી."

"એમ કહે છે!"

"હં-ત્યારે શું તને માધુ ઉપર તો વહેમ નથી આવતો ને?"

"ના-ના-પિતાજી-મને તો એણે બચપણથીજ રમાડીને મ્હોટો કર્યો છે આટલાં વર્ષ આપણા સહવાસમાં એ રહ્યા છતાં શું એને પણ ના ઓળખું મને આશ્ચર્ય તો એ થયું કે બારણા તરફ શું ડોકીઉં કરીને આખો વખત બેસી રહ્યો હશે!"

"ના-ભાઇ-ઓરડીના બારણા પાસેજ એ કામ કરતો હતો તેથી એની નજર મ્હારા દિવાનખાના તરફ પડયા વિના કેમ રહે! તું જોતો નથી કે બને બારણાં સામસામાં છે!"

"હા-એ તો ખરૂં પિતાજી ત્યારે જો બારણામાં થઇને કોઇ દાખલ થયું ન હોય તો બારીએ થઇને આવેલું હોવું જોઇએ."

"બારી તો કયારનીએ તું જુએ છે તેમીજ રીતે ખુલ્લી છે, પણ નીચે ગુલાબના કયારા છે તેને ચગદ્યા વિના કોઇ ઉપર ચઢી શકે એમ નથી ને તે કયારામાં કંઇ પગલાં જણાતાં નથી એ તો મ્હેં કયારનુંએ જોયું છે."

ગિરીશે બારીએ જઇ નજર કરી તો તેને પણ સત્યજ જણાયું. બારીની આસપાસ ગુલાબનાં ઝુમખાં વીંટળાઇ વળેલા હતાં તેમની પાંખડીઓ ખર્યા વગર રહેજ નહિ, તેમ જમીન પર માટીમાં પ્યાર પણ પડયા વિના રહેજ નહિ, એટલે એ રસ્તે કોઇ ચઢી આવવાની વાત પણ માનવામાં આવે એવી રહી નહિ."

પછી તે પાછો ટેબલ પાસે આવ્યો ત્યાં તેની નજર કશાક ઉપર પડી.

"આ શું છે?" તેણે પૂછ્યું.

ટેબલ શીશમનું હતું તેના ઉપર ચામડું મઢેલું હતું પણ, તે ચામડા ઉપર કોઇક ચીકણા પદાર્થના ડાઘા પડેલા હતા તે જોતાં તેણે ઉપરનો પ્રશ્ન કર્યો હતો.

"મને કંઇ એ ખબર પડતી નથી. હું ઉઠીને ગયો ત્યારે આવું કંઇ ન હતું. એ તો કોઇ ચ્હોંટી જાય એવો પદાર્થ જણાય છે."

ગિરીશે નીચે નમી ટેબલ ઉપર પડેલા એક સૂક્ષ્મદર્શક કાચ વડે તે ડાઘા સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસ્યાં.

"આપ કહો છો તેમ, પિતાજી, આ ડાઘા કોઇ ઘણાજ ચિકણા પ્રવાહી પદાર્થના બારીની બ્હાર કોઈ હાથમાં લાંબી લાકડી લઇને ઉભું હોય તે તેને છેડે આવો પદાથ લગવેલો હોય તો તેના વડે એ ખુશીથી કાગળ ઉપાડી શકે."

પ્રસન્નકુમારના કાન આ સાંભળીને ઉંચા થયા. "ભલા ભગવાન! આવી તે હિંમત કોણે કરી હશે! એ પ્રકારનો કાગળ મ્હારા ટેબલ ઉપર પડયો છે એમ કોઇ જાણી પણ કેમ શકયું હોય? અને મ્હારે ઉપર જવું પડશે તેની તેને ખબર પણ ક્યાંથી હોય કે આમ લાગ સાધીને આવે ને મ્હારી ગેરહાજરીનો લાભ લઇ જાય? મ્હારે મ્હારૂં દિવાનખાનુ છોડવું પડશે એવી પણ એને ક્યાંથી બાતમી મળી હોય!"

"ખરેખર—આપ કહો છો તે જોવા જેવુંજ છે, એનો તપાસ કરવો પડશે. કાગળ ટેબલ ઉપર આપ મૂકી ગયા હતા એ વાત તો ચોક્કસ છે ને!"

"અરે એ તે પૂછેછે શું ! એવો તે કંઇ હું ભૂલકણો છું ?"

પોતાને આવા પ્રશ્નથી ચીઢ ચઢતી હતી એ તેમની પગ જોરથી ભોંય પર અફળાવાથી સિદ્ધ થયું. આ ઉપરથી ગિરીશ ઉભો થઇ ગયો અને એના પિતાના સામું તાકીને જોવા લાગ્યો તે ઉપરથી તેમનો મિજાજ હાથથી ગયો ગુસ્સામાં તેઓ કંઇ વગર વિચાર્યું બોલી જાત પણ-

"આ કાગળ હું શોધી આપું તો આપ મને શું ઇનામ આપશો"—એ પ્રશ્ને તેમના વિચાર-વમળનો વેગ ફેરવી દીધો.

"શોધી આપું ?-તું શું બકે છે ! ક્યાંથી શોધી આપનાર હતો ? હું કંઇ આંધળો તો નથી ? તું મ્હારાથી વિશેષ શું કરનાર હતો ?"

આપનો કાગળ હું શોધી કાઢું ને આપના શિવાય બીજા કોઇએ તેમાંનો અક્ષરે વાંચ્યો નથી એવી ખાત્રીની સાથે તે આપને પાછો સોંપું તો મને ઇનામ શું આપશો એટલુંજ હું જાણવા માગું છું."

પ્રસન્ન કુમારની આંખોમાં અગ્નિ વર્ષવા લાગ્યો. તેમના મનમાં આશ્ચર્ય એકલાએકજ નહિ પણ તેની સાથે કંઇ વહેમે પણ ઘર ઘાલ્યું હોય એમ લાગતું હતું.

"તે કાગળ ક્યાં છે તેની તને ખબર પડી ચૂકી છે ?"

"ના, જી આપ જાણો છો તે ઉપરાન્ત હું બીજું કંઇપણ જાણતો નથી. પણ આપના વિચારને હું મળતો આવું છું. અને મ્હારામાં ઇશ્વરી પ્રેરણાથી આવા ગુન્હા શોધી કાઢવાની કંઇક શક્તિ છે કે નહિ, તે બાબતની કસોટી કરાવવા માટેજ આ કેસ હું પહેલા વહેલો હાથમાં લેવા માગું છું. જો પરિણામ હું એમ સિદ્ધ કરી

શ્રી રાધા-માધવ



સ્નાન પ્રાર્થના



આપું કે મ્હારામાં તેવી કોઇ શક્તિ છે તો પછી આપ આપની મંજુરી–મ્હારે એ ધંધામાં જોડાવવા માટે આપશો ખરા ?"

"હા. હા. એમાં શો શક ? કયા લુચ્ચા લફંગાએ એ કાગળને હાથ લગાવ્યો છે તે તું શોધી કાઢ અને મને એમનો એમ વગર વાંચેલો પાછો સોંપ–વગર વાંચેલો હો જોજે પછી હું તને મ્હારી અનુમતિ આપીશ."

"ઠીક, સાહેબ. આ બક્ષીસ મેળવવા માટે હું મ્હારૂં બનતું કરવામાં નહિ ચૂકું."

આટલું બોલી તે ચાલવા માંડતો હતો પણ તેના પિતાએ તેને રોક્યો:—

"તું જાયછે ક્યાં ? હવે ઉપાય શો લેવા ધારે છે તે તો કહે !"

"માફ કરજો પિતાજી એ વાત હાલ મ્હારે છાની રાખવી જોઇએ. હું ફતેહ પામીશ તો બધું આપને જણાવીશ ત્યાં સુધી મને મ્હારા કાર્યમાં મ્હારી ઇચ્છાનુસાર વગર પ્રશ્ન કર્યે પ્રવૃત્ત થવા દેશો.

તેની પીઠ ફરેલી જોઇ પ્રસન્નકુમાર નિરાશાથી ખુરશીમાં ઢળી પડયા. આજકાલના છોકરા શા છકી ગયા છે ? એમને તો જાણે કંઇ મુશ્કેલી હિસાબમાંજ નથી કેમ જાણે બધું નક્કીજ કરી બેઠા હોયની ?

. થોડીવારે ઉઠીને તેઓ પોતાનાં પત્ની સાથે વાતચીત કરવા ગયા અને ત્યાંથી પાછા ફરતાં એવા તો ખુશ મિજાજમાં આવી ગયા કે માણુને દૂરથી જોતાં બૂમ પાડી ઉઠયા કે "અલ્યા એ ! સાંભળતો નથી ? મિરીસ ક્યાં છે ?"

"તેઓ તો સાહેબ, બહાર ગયા છે."

"બહાર ?" આંખો ફાડીને તેઓ પૂછવા લાગ્યા.

"બહાર તે ક્યાં ?"

"બાગમાં ફરવા ગયા લાગે છે."

"આ તે કંઇ વાત" બાપુ પ્રસન્ન કુમાર મનમાં વિચાર કરવા લાગ્યા "શું મને તે મૂર્ખજ ગણતો હશે ? તપાસ કરવાનું કહીને બાગમાં રઝળવા શું કામ ગયો હશે ? એની વાતમાં મને તો જરાએ ભરોસો પડતો નથી. ચોર તો ક્યાંનો ક્યાંએ સટકી ગયો હશે. કાગળ શહેરમાં પહોંચી ગયો હશે—ઓ પ્રભુ ? કોઇના હાથમાં જશે તો મ્હારી શી વલે થશે ?—માથે હાથ દઇ લમણા દબાવીને તેઓ કલ્પાંત કરવા લાગ્યા—આવો વિચાર પણ તેમને અસહ્ય પીડાકારક થઇ પડ્યો હોય એમ લાગતું. "લાવ તાર કરું—શુદ્ધ છુપી પોલીસના માણસોમાંથી હુશિયારમાં હુશિયારને બોલાવી તેને આ કામ સોંપી દઉં—કોણ હાજર છે ?"

" મને આવવાની રજા છે ?"

આ બોલનાર બીજો કોઇ નહિ પણ ગિરીશ પોતેજ હતો. તેના પિતાનો પ્રશ્ન નીકળ્યો ને તેનો દિવાનખાનાના બારણાના આગળા પર હાથ પડ્યો. તેને અચાનક જોવાથી પણ તેના પિતાને કંઇ શાન્તિ વળી નહિ.

"મ્હેં તો ગિરીશ—નિશ્ચય કર્યો છે કે, આવી અગત્યની વાત ત્હારા જેવા અનુભવ વગરના છોકરાના હાથમાં સોંપવી એ ઘણું જોખમ ભરેલું છે. ત્હારી શક્તિ વિશે હું જે વિચારો બાં[illegible] હશે તે કરતાં મ્હારા તો જુદાજ છે, એટલે હું હવે છુપી પોલીસના વડાને

તાર કરીને કોઇ સારા હુશિયાર અમલદારને બોલાવવા માગું છું. નકામો વખત ખોવાથી ઉલટું નુકસાન વધારે થવાનું."

'જેવી આપની મરજી—પણ હું આપને કાગળ લાવી આપું તે પછી તાર કરવો છે કે પહેલો ?"

"તું શું કહે છે ?"

"કહું છું એટલુંજ કે કાગળ તો મળી ચૂક્યો છે!"

"મળ્યો? અરે એ તે કંઇ મનાય?—ખુરશીમાંથી આનંદની ઉર્મિના જોસથી કુદતે ને તેની સામે ઉભા રહી તેઓ ઉદ્દગાર કાઢવા લાગ્યાઃ—

"ચોર પકડાયો?"

"હા, જી"

"કોણ છે?"

"આપ પોતેજ!"

"હું—હું ચોર?"

જોત જોતામાં તેમના શરીરનો રંગ બદલાઇ ગયો, મ્હોંએ ફીણ આવી ગયાં ને ચકરી ખાઇને નીચે પડશે એવી બીતિ પણ લાગવા માંડી—તેમનું શરીર બધું ધ્રુજવા લાગ્યું પણ મહા મુશીબતે ધીરજ રાખી તેઓ સ્વસ્થ થતા ગયા. આખરે ભાગ્યા તૂટ્યા અક્ષરમાં તેની સામે ડોળા કાઢતા કાઢતા કહેવા લાગ્યા કે.—

" મૂર્ખ-નાદાન—છોકરા—ત્હારો અવિવેક આટલે દરજ્જે પહોંચશે એવો તો મને ખ્યાલે આવ્યો નહતો. દુનિયામાં મ્હારી ઇજ્જત આબરૂ તો કોરે રહી—પણ એટલું તો ભાન તને છે કે નહિ કે કમનસીબે મને ત્હારો પિતા હોવાનું માન છે?"

"પણ પિતાજી! તેથી કંઇ વાસ્તવિક હોય તે કહ્યા વિના ચાલે?"

"વાસ્તવિક વાત?—હજી પણ એવોજ અવિચારી જવાબ?—તને તે મ્હારો પુત્ર કહેવો કે શત્રુ કહેવો?"

નિરાશ થઇને તે બિચારા પાછા ખુરશીમાં ઢળી પડયા—"ઠીક ભાઇ—ત્હારે ગાળોનો વરસાદ વરસાવવો હોય તે વરસાવ. અત્યાર સુધીમાં કોઇએ નથી કહ્યું તે મ્હારા પુત્રને મ્હોંએ સાંભળવાનો પ્રભુ-એ મને આ અવસર આપ્યો તે કરતાં મ્હારા જીવનનો અંત આણ્યો હત તો સારૂં થાત—ચાલો-મ્હેં ચોરેલો કાગળ ક્યાં છે તે તો કહો."

"જી આ રહ્યો"—એમ કહેતાંજ બારણું વધારે ખુલ્લું કરીને તેણે મોહનગુપ્તને અંદર આવવા હાક મારી.

એટલામાં સાત વર્ષનો એક અતિ રમ્ય આકૃતિનો બાળ, રમતો ખેલતો, હસતો દોડતો હાથમાં એક લાંબી પુંછડીવાળી મ્હોટી પતંગ લઇને અંદર દાખલ થયો. પિતાની સ્થિતિ—તેમના મુખ ઉપર છવાઇ રહેલો શોક—દિવાનખાનાની શાન્તિ—મ્હોટા ભાઇનું અદબ કરીને ગંભીર ચહેરે ઉભા રહેવું—આ સર્વ જોતાં તેને એમજ થયું કે, આના કરતાં બહાર મેદાનમાં રમવા દીધો હત તોજ ઠીક થાત—કોણ જાણે પોતાનો શો એ વાંક પડયો હશે. હવે તો પિતાજી કોણ જાણે શું એ કરશે.

"જુઓ સાહેબ"—પતંગ તરફ નજર કરીને ગિરીશ બોલ્યો—"આ રહ્યો આપનો કાગળ."

ચશ્માં નાકે ચઢાવી—ધીઑનરેબલ આણુ પ્રસન્નકુમાર—કાગળની વાત ખરી હશે એવો વિશ્વાસ ન આવવાથી ખાત્રી કરવા ઉઠયા—"ક્યાં છે? અહીં તો કંઇ જણાતો નથી."

"જુઓ પિતાજી—આ રહ્યો"—એમ કહી ગિરીશે પતંગને ખુબ હલાવી. પિતાજીનો પિત્તો ઉછળવામાં હવે બાકી રહી ન હતી. તેઓને

તો એમજ લાગ્યું કે આ છોકરો મ્હારી મજાક કરે છે. તેથી તેઓએ પાસે પડેલી એક આંકણી લઇને ઉગામી. ઘણીએ વાર આવી શિક્ષાના-તેમના ચીડીયા સ્વભાવના ભોગ-નોકરો થયેલા હતા એટલે તેઓ મારી બેસશે એ કંઇ ગિરીશને ન મનાય એવું નહોતું લાગતું પણ આ વેળા તેમણે જરા ખામોશ પકડી પિત્તો સમાવ્યો ને માત્ર એટલુંજ બોલ્યા કે"-ગિરીશ-મ્હારી ધીરજને પણ હદ તો હશે-આવો પ્રસંગ ઉપહાસને માટે યોગ્ય નથી."

"પણ સાહેબ. હું આપની ધીરજની અજમાયસ કરતોજ નથી-કાગળ અહીંજ આપના જોવામાં આવશે જુઓ આ પતંગની લાંબી પુંછડી જોઇ? તે કાગળના કટકા કટકા ચ્હોડીને બનાવેલી છે-પતંગ મ્હોટી તેથી પુછડી પણ મ્હોટી જોઇએ કની? તે કાગળમાં હવે છેલ્લેથી ત્રીજો કાગળ શાનો છે તે આપજ જોઇને ખાત્રી કરો."

"જાજા મૂર્ખ પતંગમાં આવો તે કાગળ આવતો હશે? તું મને પણ હજી બનાવવા માંગે છે ખરૂં?"

"ઠીક, ત્યારે સાહેબ. આપ ન માનતા હો તો હુંજ તે લાવીને આપની પાસે રજુ કરૂં. મ્હારા મનમાં તો એમ હતું કે આપે જાતે કાપી કાઢયો હત તો તેના ઉપર બીજા કોઇની દ્રષ્ટિ પડી નથી તેની આપને ખાત્રી થાત, પણ હવે આપની સમક્ષજ હું કાપી કાઢીશ એટલે આપને કંઇ વહેમનું કારણ રહેશે નહિ"

બીજી પતંગોની પેઠે આ પતંગની પુછડીને એક દોરી બાંધેલી હતી ને તેની સાથે કાગળો લગાડેલા હતા. પોતાના ગજવામાંથી ચપ્પુ કાઢીને બાબુ ગિરીશચંદ્રે તે કાગળોમાંથી ઉપર જણાવેલો કાપી

કાઢયો અને તેના પિતા હજી પણ ભ્રમર ચઢાવીને જોતા ઉભા હતા તેમના હાથમાં મૂકયો.

"લ્યો પિતાજી–આપનો કાગળ હોય કે નહિ! બાપુ પ્રસન્ન કુમારે ગડ ઉકેલી જોઈ–ઉકેલતાં ઉકેલતાં પણ એમને હજી શ્રદ્ધા ન હતી કે આ તેમનોજ કાગળ હશે. પોતાની આંખે સાચું દેખાય છે કે ખોટું તેની પણ તેમને શંકા થતી હતી. પણ આખરે ખાત્રી થતાં તેમનાથી અનિચ્છાએ પણ "છે ભાઇ–છે–આખરે તું ખરો ઠર્યો"–એમ બોલાઈ ગયું. પછી પોતાના ગુસ્સાનો ઉભરો મોહનગુપ્તના ઉપર કાઢતાં કાઢતાં તેઓ ગર્જના સહિત બોલી ઉઠયા કે–"ત્યારે ચોર તો લુચ્ચા તુંજ ઠર્યો ને?"

આ ટપકો સાંભળી તે બાળક બિચારો ગભરાઇ ગયો ને રોવા જેવો થઇ ગયો પણ ગિરીશે વચ્ચે પડી પિતાજીના મનનું સમાધાન કર્યું.

"નહિ સાહેબ,–આપ ધારો છો તેમ નથી. લે ભાઇ મોહન–આ ત્હારી પતંગ. જા–હું હમણા આવીને તને નવી પુછડી મઝાની બનાવી આપીશ હોં. ત્હારો કંઇ વાંક નથી માટે ગભરાઇશ નહિ."

આમ પોતાને પોતાના મ્હોટા ભાઇએ નિર્દોષ ઠરાવ્યો એટલુંજ નહિ પણ પાછી પતંગ આપીને રમવા જવાની છૂટી આપી તેથી એના આનંદનો તો પારજ રહ્યો નહિ. તે પાછો હસતો હસતો ને કુદતો કુદતો બહાર દોડી ગયો. તેના ગયા પછી પણ પ્રસન્નકુમાર તો કાગળ સામું તાકીને જોયાંજ કરતાં હતા ને શું કહેવું તેની તેમને સઝ પડતી ન હતી તેથી, ગિરીશે તે શાન્તિનો ભંગ કરતાં જણાવ્યું કે–

"હવે તો પિતાજી મ્હારૂં ઇનામ નક્કી થઇ ચૂકયું ને?"

"એમાં કંઈ ના કહેવાય એમ છે" ! એમ કહી પોતાની પાસેના ખાનામાંથી એક ચેકબુક કાઢી તેમાંનો ચેક લખી ગિરીશચંદ્રના હાથમાં તેમણે તરતજ મૂકયો પણ મૂકતાં મૂકતાં તેમને જરા આનાકાની થતી હોય એમ જણાવાથી ગિરીશે તેનું કારણ પૂછયું. તેના જવાબમાં તેઓએ કહ્યું કેઃ—"કાગળ મળ્યો તો ખરો પણ બીજા કોઇની દૃષ્ટિ તેના ઉપર પડી નથી એની શી ખાત્રી" ?

"એ તો સાહેબ હું આપને હમણાંજ સિદ્ધ કરી આપું છું. મને તેની પહેલી ભાળ મળી ત્યારે તો તે હવામાં ઉડતો હતો. આપે મને કહ્યું કે બીજા કોઇને તે સંબંધમાં આગળથી બાતમી મળી હોય એ અશક્ય હતું અને આપની ગેરહાજરીમાં બીજું કોઇ આપના દિવાનખાનામાં દરવાજેથી કે બારીએથી ગયું ન હતું ત્યારે મને એમજ લાગ્યું કે એ આપને હાથેજ ખોવાયો હોવો જોઇએ."

"મ્હારે હાથેજ?"

"જુઓની પિતાજી! મ્હેં પેલા ડાઘા આપના ટેબલ ઉપર જોયા—હજી પણ તે છે—જુઓ—ત્યારેજ મને એ કાગળ કેમ ખોવાયો હશે તેનો ખરો ખ્યાલ આવ્યો."

"એ શી રીતે?"

"ઘણીજ સહેલી રીતે. એ તો જાણ્યો કોઇકે કાઢીને, આપની ચોપડીઓના આ કબાટ ઉપરથી ગુંદરની શીશી ઢોળાઇ ગયેલી પ્રથમ મ્હારા જોવામાં આવી હતી."

"એ વાત તો ખરી—હું એક બારે પુસ્તક લેવા ગયો હતો ત્યારે તે પડી ગઇ હતી."

"હશેજ—પછી મને સરખાવતાં એમ જણાયું કે, ટેબલ ઉપરના ડાઘા

પણ એ સુંદરનાજ હતા. વળી તે સુંદર આપની બાંહે પણ ચ્હોંટયો હતો એમ મ્હેં તે વેળાજ જોયું હતું જુઓ. સાહેબ, હજી પણ તેની નીશાની આ રહી."

એમ કહીને ગિરીશે પોતાના પિતાની કોટની બાંહ્ય ઉંચી કરીને તેમને બતાવી.

"હવે સાહેબ! આપ ઉતાવળમાં બ્લોટિંગથી કાગળને દાબીને ઢાંકવા ગયા તેવામાં, અનાયાસે, આપના જાણ્યા વિના તે કાગળ આપની બાંહ્યે ચોંટી ગયો. હવે વિશેષ તપાસ કરવાની એટલી રહી કે તે પડયો ક્યાં? દિવાનખાનામાં તો તે પડયો ન હતો. નહિ તો આપના જોવામાં આવતે. વળી આપ મ્હારાં માતાજી ને મળવા ઉપર ગયા તે પહેલાં તે ઉખડી પડેલો હોવો જોઇએ. નહિ તો આપની બાંહે ચોંટેલો તેમને જણાયા વિના તે રહેતજ નહિ અને તેમ હોત તો તેઓ આપને બતાવત પણ ખરાં. તેથી મેં એમ અનુમાન કર્યું કે, માતાજીના આવાસનું બારણું ખોલતાં આપની બાંહ્ય કમાડ સાથે ઘસાઇ હશે ને તેવામાં તે ઉખડી પડયો હશે. એ જગાએ હું ગયો ત્યારે ત્યાં કોઇ હતું નહિ પણ કાગળની પટ્ટીઓ કેટલીક પાસેના ઓરડામાં પડી હતી. નાનોભાઇ ત્યાં પતંગ ચ્હોડતો હતો એમ મને ખબર હતી ને ત્યાં પડેલી કાપલીઓમાં આપનો કાગળ જોવામાં આવ્યો નહિ તેથી મેં અનુનાન કર્યું કે, એણે એનો ઉપયોગ પતંગમાં કરી દીધો હશેજ, તે ઉપરથી હું તેની પાછળ શોધમાં ગયો.

મેં એની પતંગ નીચે ઉતરાવી અને તે જોતાંજ મને આપના નોટ પેપરના રંગનો એક કાગળ તેને ચીટકાવેલો જણાયો તે ઉપરથી હું એને એની પતંગ લઇને અંહી તેડી લાવ્યો. હવે તો પિતાજી ! આપની ખાત્રી થઇને કે, નાનાભાઇ સિવાય બીજા કોઇએ તે કાગળ જોયો નથી ? એને પુછતાં એ પણ મારી વાતને પુષ્ટિ આપે છે ને કહે છે કે, બારણા પાસે પડયો હતો. તે એણે ઉપાડી લીધો અને પતંગની પુંછડી બનાવવામાં જેમનો તેમ વાપર્યો. એ બાળકને કંઇ આપના હસ્તાક્ષર તો ઉકલે એમ છેજ નહિ, એટલે હવે આપને શંકા નહિ રહે એવી હું આશા રાખું છું. મુદ્દાસર વાત તો બહુ સહેલી હતી."

"સહેલી શું, વારૂ છોકરવાદની. આવું જાણતો હત તો આટલી ચિન્તા હું શું કામ વોહોરત ? હવે આ ચેક તારો થઇ ચૂકયો છે, ને આ જેવી સહેલાઇથી તેં મેળવ્યો, તેવીજ સહેલાઇથી બીજા પણ ભવિષ્યમાં તું મેળવે એવી મ્હારી આશિષ છે. જો છુપી પોલીસનું બધું એ કામ આવુંજ હોય તો તો નાનાં છોકરાએ બજાવી શકે ને તહારા જેવા તો તેમાં વિશેષ યશ મેળવેજ ! માટે સુખેથી સ્વીકારજે. ત્યારથી ગિરિશ બાબુ એક કાબેલ ડીટેકટીવ નીવડયો.

અભાગી કે સુભાગી ?

લેખક—'બાલકવિ'—જામનગર.

રાત્રીનો રમણીય સમય. રજનીનાથ નભમંડલમાં તારા સુંદરીઓ સાથે સ્વેચ્છાપૂર્ણ વિહાર કરતા હતા. યામ્યદિશાનો પ્રમત્ત પ્રભંજન લતા પત્રોને રમાડતો હતો. ધીરે ધીરે સર્વત્ર શાન્તિ પ્રસરતી હતી. કેટલાક આનંદી મિત્રો ચાંદિની રાત્રીની મજા મેળવવા બહાર નિકળ્યા હતા. આખા દિવસના પરિશ્રમથી કંટાળેલાને—થાકેલાને આ જ્યોત્સ્નાપૂર્ણ રાત્રિ કેટલી બધી સુખમય છે ? એ સર્વત્ર સુવિદિત છે.

આવા શાન્ત સમયે સૂર્યપુરની એક મોટી હવેલીમાં કંઈક ધમાલ મચી રહેલી દ્રષ્ટી ગોચર થાય છે, અરે ! એક નવયૌવન શોડષવર્ષા સુંદરી રડતી રડતી કેમ મેડીપર ચડે છે ? ઓહ ! એતો મી, ચમનરાય વકીલનો બંગલો ! ત્યાં આ અશાંતિનો પગરવ શાનો ! તેણીના રડવાનું કારણ કંઈ પણ સખત હોવું જોઈએ. પ્રિય પાઠક ! ચાલો આપણે તે તરફ ગતિ કરિએ.

સરલ હૃદયા દિવાનખાનામાં દાખલ થઈ. અરે ! તેના રડવાનો સ્વર વધ્યો ! અહા ! તેના હૃદયમાં કેવી વેદનાઓ થાય છે ? ભારત ! ઓ ઉચ્ચભાગી ભારત ! તારી આર્યબાળાઓનો સુખ સૂર્ય ક્યારે

સંપૂર્ણ ઉદય પામશે ? હા ? તે બિચારી સ્વગત બોલતી સંભળાય છે—

"પ્રભુ ! પ્રભુ ! મુજ અભાગણી ઉપર આપનો આટલો બધો રોશ થવાનું કારણ ? મારાં એવાં બધાં પુર્વજન્મના શું પાપ છે? જો મારા પર પ્રીતી કરનારા મારા માણુસ આજે હત તો આ દુઃખ સહન કરવાનો મને વખત નજ આવત. અમો અબલાઓ જે પતિના પ્રભાવથીજ પ્રબલા થઈ શકિયે, તેમની હાજરીમાં આતો શું પણ આથી એ વધારે કષ્ટ થાત, તો તે પણ ભાવી સુખની ઇચ્છાથી આનંદથી સહન કરત. પણ હાય! કેવાં મારાં કમનસીબ? હાઃ અમો સ્ત્રિઓનું જીવન પતિપાછળ વ્યર્થ છે. જગતને અપશુકન કરનારૂં અમંગળ મ્હોં બતાવવા મને વાંસે શામાટે રાખી? મારૂં અંતઃકરણ ખોલીને કોને બતાવું? કોને વાત કરૂં ? હાય ! શું આખી ઉમર આવાજ દુઃખમાં કાઢવાની ?"

પ્રિયવાચક ! સરલાના આવા વાક્યો કોના અંતઃકરણપર અસર નહિકરે ? પાષાણુ હૃદયી પણ પીગળશે. તો દયાળુ પ્રભુના અંતઃકરણમાં આસામાન્ય દયા છે, તે નિર્દયનથી ! સરલાને સનાથ બનાવવાનું કોઇના હાથમાં નથી, પરંતુ પ્રભુ ઇચ્છા અગાડી તે અસંભવિત નથી. બાકી લખ્યા લેખ ભોગવ્યા વિના કોને ચાલે તેમ છે!

૨

સૂર્યપુરમાં ચમનરાય સુખી ગૃહસ્થ હતા. તેના પિતા નરહરરાય એ સુપ્રસિદ્ધ વકિલ હતા. વકિલાતના ધંધાપર તેમણે શુદ્ધતાથી પુષ્કળ પૈસો મેળવીને ચમનરાય—અને સુમનરાયને માટે મ્હોટી એસ્ટેટ ગયા હતા. સુમનરાય એ ચમનરાયના સાવકા બન્ધુ થતા હતા. સુમનરાયનો બાંધો મજબુત હોઇને ચહેરો તેજસ્વી હતો. બાપુભાઇ

જાગીરદારની કન્યાસાથે તેના લગ્ન તેની મરજી વિરુદ્ધ ચમનરાયે કર્યાં હતાં.

કન્યા સદ્દગુણી અને રૂપસંપન્ન હતી, પણ કમભાગ્ય ! કે સુમનના મનમાં તેણીના માટે ખરાબ વિચાર બંધાયા હતા ! અને તેમાં તેના કપટી-સ્વાર્થી મિત્રોએ પુરતી આપી હતી. બિચારીના ગૃહસંસાર પર પાણી ફેરવાથી એ દુષ્ટોને શું લાભ હતો તે ઇશ્વર જાણે ! "આજે તેણીએ ચમકડું. કર્યું ફલાણા સાથે બોલતી ઉભી હતી. ચંદ્રશંકર સાથે હસતી હતી ! તેનામાં લજ્જાનું તો નામ નથી. અક્કલને લાખ ગાઉનું છેટું છે. અને ચમનરાયે પોતાના કોઇ સ્વાર્થ ખાતર એ રાક્ષસી તારા ગળામાં બાંધી."

આવા વિશ્વાસઘાતીઓ-ઉપરથા હિતેસ્વીનો ડોળ કરી અંતઃકરણથી તો વાળવડે ગળું કાપનારા દુષ્ટ સ્નેહીયોજ હતા એ જુદું જણાવવાની અગત્ય નથી ?

(૩)

અરે? આજે એ બંગલામાં કોલાહલ મચી રહ્યો છે ! કકળાણ થઇ પડી છે ! બિચારો સુમનરાય સ્વર્ગસ્થ થયો; સાચકી ભાભીના વાક્બાણ અને હિતશત્રુઓને કહેવાનો ભોગ થઇ, સ્ત્રીના દુઃખે પોતે મુંબઇ અભ્યાસ કરવા ગયો ત્યાંજ તે બિચારો રહ્યો. કર્મદશા બહુ વિચિત્ર છે ! એક તારનો કાગળ ચમનરાયના હાથમાં હોઇને તે ચોધાર અશ્રુ વરસાવે છે ! હવે એ દુઃખ તેને ખરી રીતે થાય છે કે ઉપર ઉપરનું છે તે અમે નથી જાણતા. પણ બિચારી સરલાના દુઃખને માત્ર સીમાનથી ! હા ! તેને હવે ઉપર આકાશ અને નીચે ધરણીજ માત્ર આધારભુત રહી ! સરલા ! તું ગમે તેટલી

રડીશ, માથું ફોડી છાતી પીટીશ ખાવા પીવાનું ત્યજીશ તો પણ શું તને તારો પ્રિય સુમન પાછો મળશે? પણ શુદ્ધ હૃદયી સરલા! તું તારી નીતિ ચુકીશ નહિ આર્ય મહિલને ઉચીત આચરણ ભુલીશ નહિ. તારૂં આદર્શ જીવન જોઇ સજ્જનો તારી તારીફ કરશે. તારા જેવી પતિવ્રતાના કીર્તિગાનથી અલબત! તારા અહીંના સંબંધીને આનંદ નહિ થશે પરંતુ તારા સ્વર્ગસ્થ પતિના આત્માને તો થશેજ તેથી તને પણ સ્વગતિ મળશે?

* * * *

"સાંભળ્યું કે? આ રાક્ષસી મારા ઘરમાં નહિ જોઇએ. જ્યારથી આવી છે ત્યારથી તેનું એકે લક્ષણ મને ઠીક લાગ્યું નથી. અહીં આવ્યા પુરા છ મહિના ન થયા ત્યાં મે મારી સવિતાને ખોઇ! હાય! ચાર દિવસ પહેલાં ગામમાં કોઇ જાતનો રોગ ન હતો છતાં મારા પીયરની મ્હોટી દશશેર દુધ આપતી ભેંસ મરી ગઇ! એવું શું એક કે બે—કેટલું ગણાવું? ઘરમાની બાબતો શું માટીડાઓની ધ્યાનમાં આવે ખરી? આપનું મન નહિ દુખાવવા તે વાતો બધી હું ગળી જઉં છું. પણ બળ્યું કહ્યા વિના રહેવાતું નથી! હમણા ખરચ પણ કેટલો વધી ગયો છે? અરે આ પહેલાં આઠશેર દુધમાંથી જેટલું ઘી ઉતરતું હતું, તેટલું હવે વીશશેરમાંથીયે થતું નથી!" ઇંદિરાએ ટાણો માર્યો,

"તેમાં કોઇ શું કરે? કોઇ ચોરીને તો ખાતું નથી ને?" ચંદ્રકાંતે કહ્યું.

"એની શું આપને શંકા છે? હાલમાં દુધ ઉપર તર રહે છેજ ક્યાં? તેતો શું પણ ગોળ, ખાંડ, ઘી કેટલું કહું! કહેતાં મને

શરમ આવે છે! હાથ પોતાના અને હોઠ પણ પોતાનાજ! કેહવું કોને? પરાયું કાંઇ હોય તોને! નામ લેવાનીએ બીતી?" સીહાઇના ડોળમાં હીરાએ પતિને કહ્યું.

"પણ ત્યારે તને વહેમ કોનાપર છે તે કહેને? વારંવાર ખટખટાટ તે શો?" ચંદ્રકાંતે કંટાળીને કહ્યું.

"મારાથી આપને ખટખટાટ થતો હશે તો રહ્યું મારૂં. હું બોલીશજ નહી." ગળગળી થતાં હીરાએ આગળ ચલાવ્યું—"એકતો આમાં ખરચનો હિસાબ રહેતો નથી અને લોકો હસે એ હાંસલમાં! આજસુધી કાંઇએ ઘટતું નહિ, અને આ સરલા કે કરલા આવી ત્યારથીજ કોણુ જાણે કયાં જવા લાગ્યું? શું ઘરમાં ભુત આવે છે તે બધું ઓહયાં કરિ જાય છે? એક તો બમરાળી કરમહીણુ અને પાછી ગુણેય તેવાજ! 'કાણું ધોહું ને કરડકણું!' પોતાના ઘરનું સત્યાનાશ કાઢી અહી આવી છે. રાક્ષસી! બસ તેને કાલે રજા આપી દો, જવાદો. અહીથી એ લપ! બોલીયે એટલે ખોટું કહેવાય. પણ અંદરના અવગુણ કોઇ જાણે છે શું?"

પ્રિય પાઠક! બાંણુ કંસારે એ ન્યાયે સરલા પોતાના ભાઇને ત્યાં આવી હતી જ્યાં ઉપરોકત ભાઇ ભોજાઇ વચ્ચે વિવાદ ચાલ્યો હતો!

(૫)

સંધ્યાનો સમય. સવિતાપતિ અદૃશ્ય થયા હતા. રજની નાથના સુધામય ઉદયને હજુ અવકાશ હતો. નદિ કિનારા પરના ઉંચા વૃક્ષો પવનનાં ઝપાટાથી કંપતા હતા. આવા ભયાનક સ્થળે હિંસક પશુઓના ભીતીપ્રદ શબ્દો શિવાય બીજું શું સંભળાય?

વચમાં વચમાંથી દુષ્ટ વાંદળાં નિશાપતીના ઉદય બિંબ આડે આવી ક્ષિતિજપરના ચંદ્ર તેજને નષ્ટ કરતાં હતાં.

આ ભયાનક વેળાએ, એક શ્વેતવસ્ત્ર પહેરેલી યુવાન પણ ચિંતાને લીધે જે શુનાપર વૃદ્ધાવસ્થાની છાયા છવાયેલ એવી શોકથી દબાએલી બાળા આગળ પાછળ જોતી, તે અંધકારમય પ્રદેશમાંથી નદીના કિનારાતરફ જતી હતી.

પ્રિયવાચક! એ અન્ય કોઇ નહિ પણ બિચારી સરલાજ! તે વચમાં વચમાંથી ચમકીને ઉભી રહે છે! જાણે તેણીને કોઇના આવવાનો આભાસ થતો હોય! પણ સરલા! આવા ભયાનક જંગલમાં રાત્રે કોણ આવે? એતો મિથ્યા ભ્રમજ. બિચારી નદીમાં પાણી તરફ આગળ વધી. હાથ જોડયા! કાંઇ પ્રાર્થનાના વાકયો કાઢવાલાગી—

"હે પ્રભુ! સર્વાંતર્યામી સર્વ સાક્ષી પ્રભુ! તારા સોગન પૂર્વક કહું છું—આજ સુધી કાયા—વાણી અને મનથી એક મારા—પ્રિય-પતી શિવાય અન્યનું ભજન કર્યું નથી. કોઇને દુઃખ આપ્યું નથી. કોઇ દિવસ ખોટું બોલી નથી. આટલી બધી ડરીને ચાલવા છતાં જગતમાં મારૂં કોઇ બેલી થયું નહિ સાસરીયામાં દુખ ન સહન કરવું પડે, માટે માતુશ્રી પીયર લઇ ગયાં, તો ત્યાં પણ કંકાસ! અરે? કેવાં ભાભીશ્રીના વાક્બાણ! હું ચોરીને ખાતી! અરે! કોઇ દિવસ કોઇના તરફ આડી નજરે પણ નહિ જોતી છતાં કેવું કલંક! નહિ—નહિ—તેમાં કોઇનો શું દોશ કાઢવો? મારાંજ તેવાં સંચીત! નહિ તો મારા ગુણદોષ જોયા. વિના લોકોના ભંભેરવાથી તેઓ શા માટે બહારગામ જાય અને ત્યાં તેમનો અંત થાય? હવે આ જગતમાં—સ્વાર્થમય જગતમાં રહીને શું કરવું છે? કામકરીને મરિએ તો પણ તેનું કાંઇ ચીજ નહી!

કોઈ જે કાંઈ બોલે તે સહન કરવું ! સાચું કહેતાં અને મ્હોં બતાવતાં વળી પાછી શરમ ! કોઈ કહે ફુટલ નસીબની તો કોઈ કહે મ્હોઢું જોવાને અયોગ્ય વળી કોઈતો અપશુકન માને ! પ્રભુ ! આર્ય સંસારની વિધવાને માટે તારા ઘરનો આજ કે ન્યાય ! શું પતિનું મરણુ થવું નથવું અમારા હાથમાં છે ? કે વિધવાને હસનારા લોકોના હાથમાં છે ! ગમે તે હોય. જગતસાથે સંબંધ રાખી મારે શું કરવું છે ? બસ—

સરલા કાંઇક નિશ્ચયપર આવતી જણાઇ તેણી બોલી–' ઓ ગંગાતુલ્ય માતાજી ! હવે બીજી કોઇ ઇચ્છા બાકી નથી. એકજ પ્રાર્થના અંતિમ–એજછે કે તારા ઉદરમાં મને સમાવી પરભવ પતીનો ભેટો કરાવ, ઓ પ્રિયપતિ ! હાય આ અભાગણીની સાથે લગ્ન કરી તમે આ ભવે સુખી ન થયાં આ કર્મહીણી સાથે આપને ક્ષણવાર પણ બોલવાને અવકાશ નમળ્યો તેનું કારણુ પણ હુંજ પાપણીને ? થયું ગઇ ગુજરીનું શું ? આજે એ બધા અપરાધની ક્ષમા માગવા આપના ચરણુ પાસે હું આવું છું આપનું નામ સુમન તે ખરેજ સુમન છે. ભોળાપણા ની આપની હદ નથી ! તો હવે પધારો અને શરણે લ્યો પતિ મારા હૃદયેશ વિભુ ! વાર નહિ લગાડો–દુઃખી નહિ કરો.”

આ છેલ્લું વાકય સરિતાના પ્રવાહમાં પગ મુકતા પુરૂં થયું– ન થયું ત્યાં તેણીનો કોઇએ હાથ પકડયો. "હું–હું સરલા ! પાછી ફર તારા સરખી સુંદરીને આવું સાહસ શું યોગ્ય છે ?"

"બળ્યું એ સૌંદર્ય ! મે શું તમારું કાંઈ બગાડયું છે ? કે મને અટકાવો છો ? જવાદો મને. આવી મધ્યરાત્રીએ આવીને મારા એકાંતમાં ભંગ પાડનાર એવાં તમે છો કોણુ ? અરે ! પણુ બોલોને તમે તો રડો છો ? ઓ–કેમ રડો છો ?"

હાર ગુંથન



શ્રી વનદેવી



"હાય ! સરલા ! કેમ રડે છું ! તે તને શું કહું ? નથી કહેવાતું મને પશ્ચાતાપ થાય છે ?"

"શાનો પશ્ચાતાપ થાય છે ? અને તેને હું શું કરું ? છોડો–છોડો મને જવાદ્યો."

"સરલા ! શુદ્ધ હૃદયની સરલા ! હું તને કદી છોડીશ નહિ. ખરેખર હું મહાન અપરાધી છું.'

"તે કદાચ તમે અપરાધી હશો તે સાથે મારે શું સંબંધ ?"

"તારેજ સંબંધ છે. પ્રિય સરલા ! હું તારોજ અપરાધી છું"

એકદમ આશ્ચર્યચકિત થતાં તેણીયે પૂછ્યું–"તે કેવી રીતે ?"

"કેવી રીતે ? મે પાપીએ તને બહુ બહુ કષ્ટ આપ્યા છે જેની તું માફી આપીશને ?"

"આ તમે મોઘમ શું બોલ્યા કરો છો ? સ્પષ્ટ કહોને. તમે મારો કાંઇ અપરાધ નથી કર્યો એમ હું કહું છું તો ક્ષમા શાની ? પ્રભુ ! હજુ પણ તમને આ અભાગણીની દયા આવતી નથી ને ? હજી કેટલું દુઃખ દેવું છે ? બસ–બસ હવે હું જઇશ—" સરલાએ વહેમમાં જતાં કહ્યું.

"સબુર–સરલા ! તું પોતાને અભાગણી શા સારૂ કહે છે ? તારા સરખું રત્ન પ્રભુએ આપ્યા છતાં મારા કર્મબળથી ગુમાવ્યું હતું, તે માટે હુંજ અભાગી હતો. પણ હવે તારા મેળાપથી સુભાગી થયો."

" એટલે તમે છો કોણ ? અને આટલી રાત્રે અહીં કેમ આવ્યા ?" અચકાતાં શરમ અને શંકિત ભાવે સરલાએ પુછ્યું.

" પ્રિય સરલા ! આજ સુધી જેણે દુષ્ટોની સંગતે ચડીને,

તેમના કહેવા પર વિશ્વાસ રાખીને તારા સરખી પવિત્ર સાધ્વીને કષ્ટ આપનાર–તારો અપરાધી તેજ સુમન—"

"કોણ્યુ મારા પતિ ? આ સ્વપ્ન તો હું નથી જોતી ? જે માણુસો જગતને છોડી ગયાં એમ સંભળાય છે તેમનેજ આજે નજરે જોવાનો વખત આવે છે ! અહા ! પ્રભુ ! વિશ્વપતિ ! તારી લીલા અગાધ છે. જો આ સાચુંજ હોય તો ખરેજ મારા સરખી ભાગ્યશાળી કોઇજ હશે. નાથ ! આપ અત્યારે અહીં કેવી રીતે ?

"વહાલી ! પ્રથમ ઘેર ચાલ પછી સઘળું તને સમજાશે."

"નાં નાથ ! હાલમાં મારી દૈવગતિ બહુ વિચિત્ર થઇ છે. માટે બધો ખુલાસો પ્રથમ અહીંજ થવો જોઇએ."

"આજ સુધી તારૂં કહેવું નહિ સાંભળવાથી તો આટલાં કષ્ટ સહન કર્યાં, તો હવે તારાથી ભેદ રાખીશ એમ તને હજુ શંકા રહે છે ? સુમને પ્રેમ ચુંબન કરતાં કહ્યું.

સરલ હૃદયા સરલા સ્ત્રી સ્વભાવને શરણે થઇ બોલી "અરર ! આવું તે શું બોલો છો આપ ! કાંઇને કાંઇ !"

"જો સાંભળ હું મુંબઇ ગયા પછી તારૂ વર્તન બગડેલ હોવાનુ મારા મિત્રે સુણ્યો તે દુષ્ટ વિશ્વાસઘાતી કુમિત્રે લખ્યુ અને વિશેષમાં લખ્યુ હતું કે—"હવે તારે અહીં પાછું આવવુ એ શરમની વાત છે. માટે સાધુ બની જાત્રાઓ કરી પ્રભુનો ઉધ્ધાર કરવો. ગામમાં તમારી જે અપકીર્તિ બોલાય છે તે પત્રમાં લખી શકાતી નથી. માટે બહાર પ્રદેશમાં જીવન ગાળવું એજ તારા માટે યોગ્ય છે.' પ્રિયસરલા ! મારાંજ નસીબ તેવાં. એ વાત મને ઠીક લાગી. અને જાત્રા કરવા નીકળ્યો. ફરતા ફરતા આજે અહીં આવ્યો. ગામ બહારના ભૂતનાથમાં મારો મુકામ

હતા. ત્યાં કોઇ સ્ત્રી રાત્રે એકલી જતી જણાઇ. એટલે રાત્રી વખતે જંગલ તરફ એકલી કોણ ક્યાં જાય છે? એ જાણવાની ઇચ્છા થતાં હું વાંસે આવ્યો જ્યાં તારા શબ્દો સાંભળીને તું ખરી દેવી છે એમ ખાત્રી થવાથી તારી પાસે ક્ષમા યાચના કરવા આવ્યો—"

"છટ્ છટ્ ! આપ શાની ક્ષમા માગો છો ? આ દાસીજ આપની પાસે ક્ષમા માગે છે. કેમ વહાલા ! આપશોને ?"

"હા. પણ તે દંડવિના શી રીતે આપી શકાય ?"

"પણ એ કોણ ના કહે છે ? મરજીમાં આવે તે દંડ કરવા આ દેહના આપ માલીક—મુખત્યાર છો."

"અલબત તેમ થવું જોઇએ." આમ કહેતાં સુમને સરલાના કોમલ ગાલ ઉપર ચુંબનથી પ્રેમચીન્હ અંકિત કર્યું.

* * * *

પ્રિયવાંચક ! સૂર્યપુરમાં સુમનરાય અને સરલા આનંદથી પોતાના સુંદર બંગલામાં ગૃહવ્યવહાર ચલાવે છે. જ્યારે ન્હાનો ટચુકડો બાબુ પોતાના કાલા ઘેલા શબ્દોથી તેમને ખુશી કરે છે.

ઇંદિરાભાભીને સરલા બહેન હવે બહુ ગમે છે. પોતાને ઘેર આવવા બહુ આગ્રહ કરે છે. પરંતુ પરમાત્માએ પ્રયત્ન સફળ થવા દેતા નથી, અને ભવિષ્યમાં પણ થવા દેશે કે નહિ કોણ જાણે ! સરલાને આખરે તેણીના આદર્શ આચરણેજ યારી આપી. હવે સરલા અભાગી કે સુભાગી ?

પ્રમદા પ્રેમ.

(પ્રસ્તુત નવ પરિણિત યુગ્મમાં મદનસિંહ કુલીન કિંતુ દરિદ્રાવસ્થા ભોગવતો શાંતિથી આયુઃક્રમ વિતાડતો રાજપુત્ર છે. અને પુષ્પસેના મોટા રાજ્ય ભુવનની શ્રૃંગારરૂપ કિંતુ પવિત્ર પ્રેમથી બધ્ધ થએલી પ્રમદા છે.)

સ્થળ—અરણ્ય. ઝુંપડી આસપાસ પુષ્પસેના આજુબાજુ નિરિક્ષણ કરે છે.

પુષ્પસેના—(સ્વાગત) અહાહા! કેવું સૌંદર્ય કેવો આનંદ! આ બિચારી ચંપકકલિકા ચંદ્રની પૂર્ણ અમૃત વૃષ્ટિમાં કેવી તલ્લીન થઈ છે. પેલું કમલ જલતરંગની નાની લહરીઓ ઉપર કેવું નૃત્ય કરે છે પેલી મધુમાલતી આમ્ર પતિને કેવી વહાલથી ભેટે છે. ખરેખર સુંદર અરણ્યમાં રહેવું તે મોટા મહાલય કરતાં પણ વિશેષ આનંદદાયક છે. (ચમકીને) અરે પણ આ શું? વિચારમાંને વિચારમાં પુષ્પમાળા ગુંથવી તો ભુલી ગઈ. પણ ના, ના, મારા પ્રાણાધાર જીવનહાર પંખીડાની સદાની મનહરણી પ્રિય રમણી સમાન સુંદર પુષ્પમાળાને કેમ ભુલું!

ચાલ, સત્વર ગુંથું. નાથ આવતાજ હશે. (માળા ગુંથે છે.)

મદનસિંહ—(પ્રવેશી સ્વગત)

પ્રેમ પંખીણી પ્રેમદા, પ્રિયતમ તુજને સ્હાય.
મદન સ્હાય લલચાય મન, નિશદિન ઉર હરખાય.

કેવો મુગ્ધ પ્રેમ, કેવી સરળ મનોવૃત્તિ, કેવો આનંદી સ્વભાવ કેવી પુષ્પ સાથ એકતાનતા, પુષ્પસેના ! પુષ્પસેના !! તારી પુષ્પ પ્રફુલ્લ મુખ કમલે આ ભોગી ભ્રમરને દિવાનો બનાવ્યો છે તારા શુદ્ધ પ્રેમે લાચાર બનાવ્યો છે સુંદરી પ્રેમાળ છે. પણ મુગ્ધછે, સ્નેહથી પૂર્ણ છે પણ લજ્જાવતી છે રાજકન્યા છતાં નથી કાંઇ અભિમાન કે ગાનનું ભાન. ચાલ કંઇક પ્રેમમંત્રનો પાઠ પઢાઉં (નજીક જાય છે અને બન્ને નેત્ર દાબે છે)

પુષ્પ.—એ,, કોણ !! જાણ્યા ધુતારા જાણ્યા હવે જરા હાથ ખસેડોને હું પુષ્પમાળા ગુંથતી હતી એટલે નેત્રથી ન જણાયું તેથી શું અંતરથી પણ ન જણાયું કે ! હવે બસકરો મારા કાડીલાનાથ!!!

મદન.—(નેત્ર છોડી) વ્હાલી ! શું કરવા આ શ્રમ તું કરે છે? શાને માટે આ તારા કોમળ હસ્તને દુઃખી કરે છે !

પુષ્પ.—પ્રભુ એ આપને માટેજતો. જુઓને હું આ પુષ્પો વીણવા સામેના લતાકુંજમાં ગઇ હતી ત્યાં વીણતાં વીણતાં રડયા ભમરાએ એવોતો ડંખ માર્યો કે હજી વેદના મટતીજ નથી.

મદન.—હેં ! ક્યાં છે જોઉં ! મારી વ્હાલી.

પુષ્પ.—ના જોવાનું નથી કદાચ આપ જોવા જશો અને મને દુખાડશો મારા અલબેલાકાન.

મદન.—મારી મીઠી. નહીં દુખાડું. તને તો મારા પ્રાણ કરતા

પણ વિશેષ સંભાળુંછું અને સંભાળીશ. કામલાંગી! આતારા મધુર શબ્દો મનને કેવા આનંદ આપે છે પણ તે શું...(નિશ્વાસ નાંખે છે)

પુષ્પ.– વ્હાલા! અબોલા!! આમ ઉદાસ કેમ થાઓ છો? આ મારું તન મન સર્વ આપનેજ અર્પણ કર્યું છે અને તે આપનુંજ છે હવે મારી શું સત્તા બાકી રહી છે! હું તો માત્ર આપની એક મીઠી નજરની અપેક્ષા રાખું છું.

મદન–મધુરી! તે સર્વ ખરૂં પણ ક્યાં હું એક નિર્ધન સ્થિતીમાં રહેનારો ભીખારી! અને ક્યાં તું રાજ ભુવનમાં પૂર્ણ લાડમાં ઉછરેલ રાજ કન્યા! પ્રિયા! તું કેવી રીતે મારા સમાગમમાં રહી શકીશ? મારી સાથી થઇ શકીશ?

પુષ્પ–વ્હાલા આપ જેવી સ્થિતીમાં છો તેવીજ સ્થિતીમાં પોતાનો પતિ આંધળો, લુલો, બોબડો, ભિખારી ગમે તેવો હોય તોપણ તેનીજ સાથે આનંદમાં રહી પોતાનો સંસાર નિભાવે તેજ કુળવાન સમજવી. તેજ શ્યાણી સમજવી.

નિર્ધન કે ધનવાન હો, ભલે રૂપ કુરૂપ
દૃઢ નિષ્ઠા પતિમાં રહે સુંદરી તેજ અનુપ.

અને પતિને દુષ્ટ ભાષણ કહી નિંદા કરી તેને વિષે દુષ્ટ ભાવ રાખનાર દુષ્ટા કુળવાન નહીં પણ કુલટાજ જાણવી. પ્રિયતમ! આપના સુખથી સુખમાનીશ અને દુઃખ વખતે આપને ધૈર્ય આપીશ.

મદન૦–પણ સુંદરી! મારી સાથમાં તું શું ખાઇશ? શું પીશ? શું ઓઢીશ? શું પહેરીશ?

પુષ્પ૦—વનમાં વસતા પરોપકારી વૃક્ષના સુંદર અને મિષ્ટ ફળો એકઠા કરી પ્રભુને આરોગાવી પ્રસાદ ખાઇશ. ઉચ્ચ પર્વતોમાંના ઝરણનું નિર્મળ જળ લાવી સ્વામીને જળપાનથી શાંત કરી તેજ પીશ. પ્રભુના સુંદર ચરણની સાથ બેહાથ બીડાવીશ એટલે તાઢ વાશે નહિ અને વૃક્ષોની છાલ લાવી વલ્કલો બનાવી પ્રભુને પરિધાન કરાવી હું પહેરીશ. પ્રભુ આપનો સંગ થયો છે તો તે રંગમાં હું ભંગ કદી કરીશ નહી. આપ મારા પરમાત્મા છો. આપ શ્રેષ્ઠ છો. હું દીન રંક અબળા વિશેષ શું કહું ?

મદન—ધન્ય છે ધન્ય છે સુશીલ સુંદરી ; સ્ત્રી મળો તો તારા જેવી સુલક્ષણી સુઘડ નાર મળજો પણ આ પુષ્પમાળાના ભારથી આપનો કોમળ કર મરડાશે માટે લાવો હું તેને યોગ્ય સ્થાન આપું?

પુષ્પ-ના, ના, એતો મારી સહચારિણી છે. એટલે તેને તો હુંજ યોગ્ય સ્થાન આપીશ. (પુષ્પમાળાને ઉદેશી) જા, બા. પુષ્પમાળા મારા પ્રિય પતિના વક્ષઃસ્થળને મારા પુર્વે તુંજ શોભાવ.

(પુષ્પહાર પહેરાવે છે.)

મદન—અને તમે ના રહી જતા. તમારે માટે પણ આ બાહુપાશ તૈયારજ છે. (ભેટે છે.)

પુષ્પ-પ્રભુ. એજ પાશમાં નિરંતર આપની દાશીને રાખશો એવી નમ્ર પ્રાર્થના છે.

મદન—હા. પણ આ બિચારા અવશેષ રહેલાં પુષ્પો તમને જોઇને સંકોચાય છે, અને તેમનો મનોભાવ મને એવો સમજાય છે કે અમને પણ યોગ્ય સ્થાન મળવું જોઇએ. માટે તેમની યોજના હું

છઉં છું. (પુષ્પો હાથમાં લે છે) આપના આ વેણીરૂપ વિહારી વનમાં અમને એકત્ર થવા દો. સૌગંધથી આપનું હૃદય હરણ કરવા દો.

(પુષ્પો બોલે છે)

પુષ્પ–નાથ ! સંધ્યા સમય થયો છે.

મદન–હા. ચાલો સંધ્યા વંદનાદિ કરીએ.

(બન્ને પર્ણકુટિકામાં પ્રવેશે છે.)

લેખક–કૃષ્ણ અનંત બોરપાડકર,

હીરાનો હાર.

(લેખક–ભીખાભાઇ છોટાલાલ ચોધરી.)

અમરતલાલ અને શાન્તાગવરીને લગ્ન થયે એકાદ વર્ષ થતું છે પરંતુ હજી સુધી હિંદુ સંસારને લગતા નાના મોટા બનાવોથી તેમનું ઘર મુક્ત છે. તેના ઘણા કારણોમાં એક એ પણ હતું કે બન્ને એકલાં હતાં. અમરતલાલના માતાપિતા મરણ પામ્યા હતા અને કેટલાક દૂરના સંબંધી હતા પણ તે એવાં ન્હોતા કે આ દંપતીના ગૃહરાજ્યમાં આવીને હાથ નાખે. આથી એમ માનવાનું નથી કે આપણા હિંદુ કુટુંબોમાં માબાપને હાથે રહેલા કારભાર અને સ્વામીત્વ બદલામાં આક્ષેપ કર્યો છે પરંતુ ઉંમર લાયક થયલા પુત્ર અને પુત્રવધુની

ભીતીમાં આડખીલી નાખવા પ્રયત્ન કરતા કુટુંબોની અનિતી ઉપર તો આક્ષેપ છેજ. શાન્તા પૈસાદાર કહેવાતા કુટુંબમાં ઉછરી હતી અને તેથી તેની વૃત્તિઓ સ્વાભાવિક રીતે ખર્ચાળ થઇ હતી. અમરતલાલ એક કોલેજમાં શિક્ષક હોઇ પચાસ રૂપિઆનો પગાર લાવતો હતો. આથી સાધારણ આવક અને ખર્ચની તાણા તાણ હોવા છતાં આ દંપતીના મન ઉપર કંઇ પણ માઠી અસર થતી નહોતી. શાન્તા સાધારણ રીતે ભણેલી હતી અને તેને વાંચન તરફ સારો શોખ હોઇ ઉત્તમ પુસ્તકો વાંચતી હતી. તેમજ તેનામાં કોઇ પણ જાતનો દેખીતો દુર્ગુણ કે દોષ નહોતો. એટલે આવા પતિપત્ની જ્યાં કોઇકજ હોય ત્યાં આ દંપતીના વખાણ થાય તેમાં નવાઇ જેવું શું! અમરતલાલ સારો વિદ્વાન હતો અને સ્ત્રી કેળવણીનો ખાસ હીમાયતી હતો, તેનો સ્વભાવ ઘણોજ સારો, શાન્ત, વિવેકી અને નમ્ર હતો તથા તેના મનમાં ઘણાજ ઉંચા પ્રકારના વિચારો આવતા. તેને જલદી ઉંચે ચઢવાની લાલસા હોવાથી તેને જુદી જુદી પરીક્ષાઓ પસાર કરવાની ઇચ્છા હતી તેથી તેનો ઘણો ખરો વખત અભ્યાસમાં જતો હતો. આ કારણથી શાન્તાની નાની નાની ભૂલો સુધારવા તરફ તેનું લક્ષ દોરાયુંજ નહિ. જો કે શાન્તાનો સ્વભાવ પ્રેમાળ અને વિનયશિલ હતો તો પણ તેનામાં ખર્ચાળપણા ઉપરાંત હઠીલાપણું, સારા સારા લુગડાં અને આભુષણો પહેરવાની ગાંડાઇ અને સાહસપણું એવી કેટલીક ખોડો હતી. આ ખોડો નજીવી જણાય છે પરંતુ તે વખત જતાં ભયંકરપણું ધારણ કરી નુકશાન કરી બેસે છે.

શાન્તાના એક સગાને ત્યાં લગ્નોત્સવ હતો અને બન્નેને ત્યાં જવાનું હતું અમરતલાલને તો સાધારણ ડ્રેસથી ચાલ્યુ પરંતુ

શાન્તાને કેમ ચાલે? સગાને ત્યાં બધી સ્ત્રીઓ સારા સારા વસ્ત્રો અને અલંકારો પહેરીને આવે અને શાન્તાજ એક ભીખારણ જેવી? દાગીના અને વસ્ત્રો શિવાય લગ્નપ્રસંગમાં કેમ ચાલે? આપણા આર્ય સંસારમાં આ એક ભારે ખરાબી છે. પતિની આવક શું છે તેનો વિચાર કર્યા શિવાય મનમાનતુ ખર્ચ કરાવવા તૈયાર થાય તે એક ભારે ખરાબી છે. અમરતલાલની આવક માત્ર પચાસ રૂપિઆની હતી અને ખર્ચ પણ તેટલોજ તેથી કંઇ બચાવી શકયા નહોતા. આ કારણથી ઘરેણા અને લુગડા નવા બનાવવાનું હાલ બને તેમ નહોતું પરંતુ જેણે પોતાની જીંદગીમાં કંકાસદેવીનું દર્શન કર્યું નથી હોતુ તેને અસહ્ય થઇ પડેછે. શાન્તાગવરીએ ક્લેશ આરંભ્યો અને તેનું પરીણામ એ આવ્યું કે અમૃતનું નરમ હૃદય કંકાસનો તાપ જીરવી શક્યું નહિ અને લુગડાં નામે લખાવીને ઉધાર મંગાવવાના ઠર્યા અને તેના પૈસા ભવિષ્યમાં થોડી કરકસર કરીને ભરવા એમ નક્કી કર્યું. ઘરેણાતો પહેલાના હતા તોપણ એકાદ મૂલ્યવાન નવું ઘરેણું જોઇએ તેને માટે એ નિશ્ચય થયો કે શાંન્તાની ચંદનગવરી કરીને એક બ્હેનપણી હતી તેનો પતિ ઝવેરાતનો ધંધો કરતો હતો. તેને ત્યાંથી એકાદ ભારે કંઠી કે હીરાનો હાર લાવી કામ ચલાવવું. આ સર્વ નક્કી થયા પછીજ કંકાસદેવીએ રસ્તો પકડયો.

ચંદનગવરીને ત્યાંથી સુંદર હીરાનો હાર આવ્યો. ભલે તેવી સ્ત્રીને પણ ઇર્ષ્યા કરાવે એવા સુંદર લુગડા પણ તૈયાર થયા. હવેજ શાન્તગવરીને શાન્તી થઇ, હૃદય પ્રફુલ્લિત થયું. કોઇ પણ સ્ત્રીને પોતાની માગેલી વસ્તુ અથવા ધારેલી ધારણા સફળ થાય છે તે વખતે જેવો આનંદ થાય છે તેવો શાન્તાને આ વખતે થયો. તેનો

પ્રફુલ્લિત મૂખચંદ્ર જોઇ અમૃતલાલ પણ લુગડા વગેરેમાં થયેલા દેવાની ચિંતા ભૂલી ગયો.

લગ્ન આવ્યું. સારા સારા લુગડા ઘરેણા પહેર્યાં. લોકે વખાણ્યા કંઇ સ્ત્રીઓના અંતઃકરણ બળ્યા, લોભાયાં શાન્તા ગવરીના સૌભાગ્ય સુખની અનેક જણે અદેખાઇ કરી અને શાન્તાનો આત્મા શાન્ત થયો હવે સર્વ ઠેકાણે મૂકી દેવાનો—જેને જેનું હોય તેને આપી દેવાનો વખત આવી પહોંચ્યો.........પણ અજાબ ! બધી જગ્યાએ તપાસ કરી પણ ચંદન ગવરીને ત્યાંથી મંગાવેલ હીરાના હારનો પત્તો નહોતો પારકો જાણી તેને સંભાળીને મૂકયો હતો તો ગયો ક્યાં ? શાન્તા ગભરાઇ ! તપ્ત હૃદયે અમૃતને વાત કરી. તે પણ ગુંચવાયો 'કયાં જવાનો છે, આજે નહિતો કાલે જડશે,' એમ કહી દીલાસો આપ્યો પણ એ ભવિષ્યવાણી ખોટી પડી હારતો ગયો તે ગયોજ. 'ઘરમાં હશે તો જડશે કયાં જશે' કહી ફરી ધીરજ આપી. ફરીથી શાન્તા. બારીકીથી આખુ ઘર તપાસી વળી પણ પરીણામ તેનું તેજ આવ્યુ. પારકો માલ તેજ ચીંતાનું ભારે કારણ હતું. અંતે અમૃતની આંખો ઉઘડી. કંઇ કરવું જોઇએ. કોઇ પણ ભોગે આબરૂ તો બચાવવીજ જોઇએ, તેણે ઝવેરીઓને ત્યાં તપાસ કરાવી તો માલમ પડયુ કે એવો નવો હાર બનાવતા સાત હજાર રૂપીઆ લાગશે. અમૃતે એક ઓળખીતા ઝવેરીને કોઇને ખબર ન પડે તેમ એવો એક હાર બનાવવાનો ઓર્ડર આપ્યો. પોતાની હઠથી સ્વામી આજે આવા દુઃખમાં ફસાયા છે તે જાણી શાન્તાને પણ પશ્ચાતાપ થયો. પોતાનો આવો વાંક છતા ધીરજ આપનાર અને એક પણ કડવો શબ્દ ન કહેનાર અમૃતને પરમેશ્વર માફક પુજવા લાગી. પોતાના

સર્વ ઘરેણા વેચી કરજ ઓછું કરવું એમ તેણે કહ્યું. અમૃતે એમ ન કરવા બહુએ સમજાવી પણ પાછી તેની તે હઠીલાઈ......પરંતુ આ જગ્યાએ તેની હઠ ઉપયોગી હતી. તેણીએ અનેક દાખલાઓથી અમૃતને સમજાવી જરૂર શિવાયના સઘળા દાગીના વેચી દેવાનું કબુલ કરાવ્યું. તેની કીંમત સાડા ચાર હજાર રૂપિઆ ઉપજી અને બાકીના રૂપિઆ અઢી હજાર પોતાના મકાન ઉપર લઇ અમૃતે હારના રૂપિઆ આપ્યા અને હાર તુરતજ ચંદનગવરીને ઘેર પહોંચાડી દીધો. આ બાજુનો ઉદ્વેગ શાંત થયો પણ બીજી બાજુનો ઉદ્વેગતો કાયમજ હતો લગ્ન સમયે શીવડાવેલા લુગડા વગેરેનું દેવું હજુ બાકી હતું. આથી શાન્તાએ ઘરના એક નોકરને રજા આપી એક ઓછો કામ નિભાવી લેવાનો વિચાર કર્યો આડા આવળા ખર્ચ બધા બંધ કર્યાં અને દરેક ચીજ પોતાની દેખરેખ નીચે રાખવા માંડી દર મહીને નકામી પણ ઘર શણગારની તથા થોડી ઉપયોગી વસ્તુઓમાં પૈસાનો જે વ્યય થતો હતો તે બચ્યો. પતિના સુખ માટે દરેક જાતની કાળજી પ્રથમ કરતા વિશેષ રાખવા માંડી. તેની સગવડો સાચવવી, તેના આગળ આનંદી સ્વભાવ રાખવો એવી રીતે વર્તન કરવા માટે શાન્તાના વિચારો પ્રથમ કરતા ઘણાજ ઉત્તમ રીતે વધ્યા. હીરાનો હાર તેનો ગુરૂ થઇ પડ્યો. પ્રથમ કેટલોક સમય વ્યર્થ જતો તેને બદલે હવે સમયનો સદુપયોગ થવાથી તેની જીંદગી તેને બમણી થતી લાગી. ખોટા એશઆરામ તથા વિલાસની લ્હેરો તેના હૃદયમાંથી જતી રહી. કર્તવ્યપરાયણ થઇ તે સુંદરીને બદલે સાધ્વી બની કારણ કે અનુભવ એજ મોટામાં મોટો ગુરૂ છે. રમણીરૂપે જગતમાં રમણ કરવાનું જતુ રહ્યું પણ તેને બદલે ગૃહરાજ્યમાં સઘળી રીતે

કારભાર ચલાવવાનું આવ્યું. તેની સુંદર વસ્ત્રાલંકારો અને સેન્ટ અત્તર વાપરવાની લાલસાને ઠેકાણે સાદાજ પહેરવેશમાં સુખ સંતોષ મળ્યા. બહાર ફેશનથી ફરવા કરતાં ઘરમાં સઘળું સુંદર બનાવવા ઉમંગ આવ્યો. આ રીતની કરકસરથી બાકાનું કરજ પણ થોડાકજ વખતમાં પુરૂ થઇ ગયું પરંતુ હવેથી તો તેઓ હીરાના હારે ધારણ કરાવેલી જીંદગી વ્યતીત કરવા લાગ્યા. શાન્તાને શ્રીમંતની વધામણીનો શુભ પ્રસંગ આવ્યો. ચંદનગવરી પરગામ ગયેલી હતી તે આ અવસરે પાછી આવી તેણે પૂછ્યું"બ્હેન પેલો હાર કોઇ પારખી શક્યું હતું કે?

શાન્તાએ પૂછ્યું" એમ શા સારૂ પુછે છે બ્હેન?"

ચંદન ગવરી બોલી "લે ત્યારે તને બધું કહી દઉં છું. તને જે હાર આપ્યો હતો તે બનાવટી હતો તેથી તે કોઇ ઓળખી શક્યુ હતુ કે કેમ?"

શાન્તાના પેટમાં ધ્રાસકો પડયો. અને મનમાં વિચાર કર્યો કે શું હાર ખોટો હતો—ત્યારે સાત હજારપર અમસ્તુ પાણી ફરી વળ્યું. તેના મનમાં કંઇ કંઇ થઇ ગયું પણ મોઢેથી એક શબ્દનો ઉચ્ચાર થયો નહિ. ચંદને પૂછ્યું કેમ બ્હેન વિચારમાં પડી ગઇ? શાન્તાએ કહ્યું કે "કંઇ નહિ." પરંતુ તે સંતોષકારક નહિ નીવડવાથી અને ચંદનના અત્યાગ્રહથી ખરી વાત તેને કહેવી પડી તે સાંભળી ચંદન બોલી "બ્હેન એ બધું હું જાણતી હતી એમને અને અમરતલાલભાઇને મેળાપ થયો નથી તો પણ તેઓ એમના વખાણ કર્યા કરે છે. હું તમને મળવા આવી તે એમની મરજીથીજ. પછી તમે માગણી કરી તે મેં તેમને કહ્યું ત્યારે તેમણે જરા વિચાર કરી કહ્યું કે ઘરાકુ માલ ખોવાય કે બગડે તો શું કરવું? તે ઉપરથી તેમણે બબકાદાર બનાવટી

હીરાનો હાર તમને મોકલાવ્યો. તે એવો સરસ હતો કે ઝવેરી શિવાય કોઇ પારખી શકે નહિ. પણ બ્હેન તેથી તમારે ખોટું લગાડવાનું નથી હોં કે ? અને જ્યારે અમરતલાલભાઇએ ઝવેરીઓમાં તપાસ કરવા માંડી ત્યારે એ વાત તરત એમને કાને આવી અને તેમની મસલતથીજ પ્રથમના જેવોજ હાર તમારે ત્યાં આવ્યો આ સઘળી હકીકત મને તો હમણાજ ખબર પડી ! નહિતો બબ્બુ મારાથી તો આ વાત કહ્યા વિનાં રહેવાયજ નહિ. પણ એ તો કહેકે મારે એ દંપતીની પરીક્ષા લેવી હતી તેથી કહ્યું ન હોતું. આખર તમે શુદ્ધ બુદ્ધિથી જ્યારે દેવું કરી હાર પહોંચાડયો ત્યારે તમારા બન્નેના બહુજ વખાણ કર્યાં. પછી તમે કેવી રીતે દેવું વાળો છો તે જોવા સારૂ હાર રહેવા દીધો. જ્યારે તમે અત્યંત કરકસર કરી દેવું વાળી દીધું ત્યારે તો એ બહુજ ખુશ થયા અને તમારો હાર પહોંચાડવાનું મને સોંપ્યું. લ્યો બ્હેન તમારો હાર” એમ કહી હાર આપી ચંદનગવરી પોતાને ઘેર ગઇ. તેના ગયા પછી અમરતલાલ આવ્યો. શાન્તાએ હરખાતે હૈયે સર્વ વાત કહી અને પ્રભુનો ઉપકાર માનતાં અમૃત બોલ્યો કે-“પ્રભુ જે કરે તે સારાને સારૂ. તે ખોટું કરે તો તેમાંએ તેનો કંઇ ઉચ્ચ ઉદ્દેશ હોવો જોઇએ. આપણે પ્રભુનો ઉપકાર માનવા સાથે માણીલાલ જેવા સજ્જનનો અને ચંદનગવરી જેવી વિદુષી સ્ત્રીનો પણ ઉપકાર માનવો જોઇએ. ગમે તેમ હોય પણ હીરાના હારે આપણને ઘણુંજ શીખવ્યું છે અને આપણી જીંદગી સુધારી છે. મનુષ્યની જીંદગી ત્યારેજ સુધરે છે કે જ્યારે તે સુખ દુખને સમાન સમજી પ્રભુની ઇચ્છાને અનુસરે છે.”

ત્યાર પછી થોડાજ વખતમાં અમૃતના ઘરને એક તેજસ્વી બાળકે પોતાની કીકીયારીઓથી ગજાવી મુક્યું.

સત્કાર.

નીચેના માસિકો અને પુસ્તકો તેમના પ્રગટ કર્તા તરફથી મળ્યા છે માટે તેમનો સપ્રેમ આભાર માનીએ છીએ.

(૧) દંપતી હિતેચ્છુ. તંત્રી ભીખાભાઇ છોટાલાલ. અમદાવાદ વાર્ષિક પોસ્ટેજ માત્ર છ આના. સાહસ અનુકરણીય છે અમે વિજય ઇચ્છીએ છીએ.

(૨) બાલ શિક્ષક" સંપાદક. મણીશંકર લલ્લુભાઈ ભટ્ટ. વડોદરા. વાર્ષિક લવાજમ ૧–૪–૦ અમે ભુલતા ન હોઇએ તો આખા ગુજરાતમાં બાળકો માટે આ એકજ માસિક છે.

(૩) જ્ઞાની બંધુ–તંત્રી જીવણલાલ નાથાલાલ વકીલ. અમદાવાદ વિશાનાગર વણીક કોમની ઉન્નતી માટે ઉક્ત માસિક પ્રગટ કરવામાં આવે છે.

(૪) સાંપ્રત–સમય-તંત્રી ગંગાશંકર ઉત્તમરામ પાઠક ભરૂચ.

(૫) પ્રેમગુચ્છ–લેખક–બાલાકૃષ્ણ. પ્રકાશક વાર્તા વારિધિ ઓફીસ–અમદાવાદ.

એ સિવાય પણ કેટલાક પુસ્તકો મળ્યા છે. સ્થળ સંકોચથી લીધું હવે પછી.

સરસ્વતી

(લેખકઃ—રા " કા ")

(૧)

સુંદરપુર આજે શોકમાં છવાઇ ગયું છે. ગામના ઘણાખરા મનુષ્યો એ ગામની એક મોટી હવેલીમાં એકઠા થવા લાગ્યા છે. સૌના મુખપર શોકની છયા છવાઇ રહી છે.

સુંદરપુર એક શહેર નથી તેમ ગામડુ પણ નથી; સાધારણ રીતે તે એક સારૂં જેવું ગામ છે. શાંતિલાલ આ ગામનો જમીનદાર છે. પિતાના મૃત્યુ પછી ન્હાની વયમાંજ બધુ કાર્ય તેણે ઉઠાવી લીધું હતું. અત્યારે તેની ઉમર ત્રીસ વર્ષની હતી. કેટલાક સમયથીજ તે ક્ષયરોગથી પીડાતો હતો. વૈદે સમુદ્રકિનારે રહી હવા ફેર કરવા જણાવવાથી આજે તે પોતાની પત્નિ સહ મુંબઇ તરફ જનાર હતો અને તેથીજ ગામના લોકો પોતાના માલીક, શેઠ કે સરકારને મળવા આવ્યા હતાં.

શોકથી લેવાઇ ગયલી અને પોતાને અભાગિની માનતી સરસ્વતિ પતિના બીછાના પાસે બેસી પવન નાખતી હતી. દરેક મળવા આવનાર ને આ શોકમય ચિત્ર જોતાં હૃદયમાં કંપ થતો

તે રાત્રે શાંતીલાલના મનમાં પણ સરસ્વતિની શોકમય કાંતિથી બહુ દુખ થયું ગભરાટ થવાથી અને અનેક પ્રકારના વિચારોથી મુંઝાઇ જતાં તે બોલી ઉઠયો "પ્રાણેશ્વરી ! સરસ્વતિ ! મ્હને બહુ

ગભરામણ થાય છે! સરસ્વતિ! દેવી! હું શું કરૂં! મ્હારો જીવ બહુજ અકળાય છે!"

સરસ્વતિએ પતિને કપાળે હાથ ફેરવતા કહ્યું "શું છે! હું આપની પાસેજ બેઠી છું. ગભરાશો નહિ; હું જતી નથી." શાંતીલાલને કંઈક સાંત્વન મળ્યું. ભાન આવતા તે બોલ્યો "ખરૂં છે; અરેરે! મ્હારી આ શું સ્થીતિ? કાળ પાસે આવતા મનુષ્યને આમજ થતું હશે! દયાકર! પ્રભુપિતા દયા કર!"

સરસ્વતિ પોતાના અશ્રુ મહા મહામહેનતે અટકાવી બોલી" રામ. રામ. આવું શું બોલો છો! તમને વહેલું સારૂં થઇ જસે. પ્રભુ દયાળુ છે, દીનાનાથ છે, દીનબંધુ છે, એ કેમ ભૂલી જાઓ છો? તેનામાં આસ્થા રાખો."

શાંતીલાલે કહ્યું. "દેવી! મૃત્યુ કેટલું ભયંકર તેની તને ક્યાંથી કલ્પના આવી શકે? મ્હારો આ રોગ જવાનો નથી. મ્હારો અંતઃકાળ પાસે આવે છે. અરેરે! સમુદ્રની હવા હવે શું ફાયદો કરવાની હતી. તે હવે વિપરીતજ કાર્ય કરશે. પ્રાણેશ્વરી! ઇશ્વર જાણે છે કે તને છોડી જતાં મ્હેને કેટલું દુઃખ થાય છે."

સરસ્વતિએ કહ્યું "હું તો આપની સાથેજ મુંબઇ આવવાની છું. આપ હવે થોડી નિંદ્રા લો તો બહુ સારૂ."

(૨)

ભૂરો સમુદ્ર અને ભૂરૂં આકાશ! જ્યાં જોઇએ ત્યાં બધે ભૂરૂંજ દેખાતુ હતું. કોઇ કોઇ વખત સમુદ્ર ઉપર પક્ષીઓના ટોળાં આમતેમ હવામાં ઉડતા જણાતા; મનુષ્ય કે બીજા પ્રાણીના દર્શન સમુદ્રમાં ક્યાંથી હોય! આ રમણીય દેખાવથી કોને આનંદ ન થાય. સાગર દેવની

એ ખારી હવા કોને ફાયદો ન કરે ? શાંતીલાલ ! ત્હારૂં મરણુ નજીકમાં નહોય તો ક્ષયરોગનું આ ઉત્તમ ઔષધ છે. સરસ્વતિ સહ તારાથી આ ખારી હવાનું થાય તેટલું સેવન કરી લે. કાલની કોને ખબર છે !

શાંતીલાલ એક બાંક ઉપર બેઠો હતો. પાસે સરસ્વતિ ઉભી હતી તે બોલી નાથ પાણી ઉપર નાવ કેવી સુંદર લાગે છે.

શાંતીલાલ બોલ્યો "ઇશ્વર તેને મારી માફક ક્ષયરોગના ખડક સાથે ન અફાળે નહિતો તે સુંદર નૌકાના ટુકડે ટુકડા થઇ જશે."

એકાએક શાંતીલાલ સરસ્વતીનો હાથ પકડી બોલી ઉઠયો "સરસ્વતી ! ચલ ચાલ આપણે આ ઉપાધીમય જગત છોડી અનંત આકાશમાં લીન થઇ જઇએ. આ ક્ષણભંગુર શરીર છોડી દીવ્ય દેહ ધારણ કરીએ. બોલ તું આવીશ ?"

સરસ્વતિ ક્ષણભર પતિના ચહેરા સામુ જોઇ રહી. તેની આંખોમાંથી આંસુ ટપકી પડયા તે જવાબ આપી શકી નહિ.

(૩)

બે મહીના સુધી મુસાફરી કરી દંપતી ઘેર આવ્યા. ગામના માણસો તેમને મળવા આવ્યા. કુશળ સમાચારો પુછાયા અને તે વખતે તો ગામમાં આનંદોત્સવ જેવું થઇ રહ્યું. શાંતીલાલના નાના બંધુ મુકંદે બંદોબસ્ત કરવાનું કામ ઉપાડી લીધુ હતું

ગામમાં આવ્યા પછી બે અઠવાડીઆ વીતી ગયાં. આજે શાંતીલાલની તબીયત બહુ સારી લાગતી હતી. સરસ્વતીના મુખપર પણ એથી આનંદ પ્રગટી નીકળ્યો હતો. શાંતીલાલના શરીરપર કોઇ નવોજ પ્રકાશ જણાતો જ્યારે સરસ્વતી પણ તેવાજ અનુપમ સૌંદર્યથી છવાયેલી દેખાતી હતી.

શાંતીલાલે આનંદપૂર્વક કહ્યું" જા વ્હાલી, આજે ઘર કામમાં ધ્યાન આપ. મ્હારી તબીયત બહુ સારી છે કોઇ વાતે ફીકર કરવા જેવું નથી. પરંતુ સરસ્વતી ન ગઇ. થોડી વારે શાંતીલાલે પૂછ્યું"આજે કો દિવસ થયો?" સરસ્વતીએ કહ્યું" આજે ૧૪મી જુન થઇ. શાંતીલાલે કહ્યું" તારીખ માટે નથી પુછતો આજે કયો વાર થયો ?"

સરસ્વતીએ કહ્યું" શનિવાર."

શાંતીલાલ શનિવાર—શનિવાર એમ મનમાં બોલીઃહસવા લાગ્યો. આવું હાસ્ય સરસ્વતીએ કદી જોયું નહોતું તેના મનમાં અનેક તર્કવિતર્ક ઉભરાઇ ગયા. મૂખ ફીક્કુ પડી ગયું શાંતિલાલે કહ્યું"તારે આખી રાત્રી જાગરણ કરવું પડે છે માટે અત્યારે થોડી નિંદ્રા લે." સરસ્વતીએ કહ્યું" મ્હારે નથી ઉંઘવું; આપ થોડો આરામ લ્યો."

શાંતીલાલને એકા એક ગભરામણ થઇ આવી તે બોલ્યો: "દેવી મારો જીવ બહુ ગભરાય છે જરા પાણી આપ અને પવન નાખ."

સરસ્વતીએ પાણી આપ્યુ અને પવન નાખવા લાગી પણ તેને કંઇ ચ્હેન પડયું નહિ. મૂકુંદને બુમ પાડી પણ તે ઘેર ન હોતો. એક નોકર મુકુંદને બોલાવવા દોડયો, એક વૈદને ત્યાં દોડયો.

થોડીવારે શાંતીલાલે કહ્યું "સરસ્વતી, હવે અંતઃકાળ નજીક આવતો હોય એમ લાગે છે. આવ મ્હારી પાસે બેસ તને એક વાર જોઇ લઉં." સરસ્વતી બીછાનામાં નમી. તેની આખમાંથી બે અશ્રુ શાંતીલાલની છાતીપર પડયા, તેણે હાથના ઇસારાથી જણાવ્યું કે જાઉં છું. આ જોઇ સરસ્વતિ બીજા ઓરડામાં દોડી ગઇ.

મુકુંદ આવી. પહોંચ્યો વડીલ બંધુનો આત્મા દેહમાંથી ક્યારનોએ ઉડી ગયો હતો. આવે સમયે સરસ્વતીને ત્યાં ન જોવાથી તે ગભરાઇ ગયો. તેણે આજ બાજુ દોડા દોડ કરી તપાસ કરવા માંડી. પાસેનો ઓરડો અંદરથી બંધ જોતા તે બારણાં તેણે ઠોકયાં અને સરસ્વતીને બૂમ મારી પણ જવાબ ન મળ્યો. આ શું ? એ ઓરડામાંથી આટલો આટલો બધો ધુમાડો કેમ નીકળે છે ?

છેવટે બારણા ભાંગી નાખવામાં આવ્યા અરે ! કેવું ભયંકર દ્રશ્ય ! સરસ્વતી પતિની પાછળ ચાલી ગઇ. તેનો દેહ ચોગરદમ અગ્નિથી ઘેરાઇ ગયો હતા. ફકત મૂખપર અલૌકીક સૌંદર્ય છવાઇ રહ્યું હતું.

"ધન્ય ! હે પતિ-સ્નેહ !"

કુણાલ.

(રા. છગનલાલ પ્રતાપભાઇ ખંભાતી–સુરત)

પ્રિયદર્શી મહારાજા અશોકના પુત્રનું નામ કુણાલ હતું. કહેવાય છે કે–તેનાં નેત્રો કુણાલ યાને રાજહંસના જેવાં સુંદર હતાં, તે ઉપરથી તેમના પિતાશ્રીએ તેનું લાડનું નામ કુણાલ રાખ્યું હતું. જે કોઇ તેને દેખતું તે તેને પ્યાર કર્યા સિવાય રહેતું નહિ. મહારાજાએ પોતાના એ મુકુલને માટે એક બીજા મુકુલની તપાસ કરી. એ અનુપમ જોડીને જોઇ મહારાજાની બધી ચિંતાઓ દૂર થઇ અને હૃદય આનંદસાગરમાં લ્હેરો ખાવા લાગ્યું. વહુનું નામ **કંચન** હતું ને પોતાના બાળસ્વામીની સાથે હસતી–રમતી, લડતી–ઝઘડતી અને રીસાતી–મનાતી રાજપ્રસાદને સતત્ આનંદપૂર્ણ કરી મુકતી હતી. એ રીતે વહુ પોતાના નવજીવનના મધુર દિવસોમાં ફૂલની કળી સમાન ધીરે-ધીરે વિકસાતી આગળ વધવા લાગી. કેટલાક સમય બાદ એ બન્ને મુકુલ પૂર્ણ રીતે ખીલી ઉઠયાં. સુંદર કુણાલ અધિક સુંદર દેખાવા લાગ્યો. તેના શરીરમાં નવયૌવન પ્રગટ થયું. જાણે મણી-કંચનનો સંયોગ થઇ ગયો હોય.

રાજકુમારને યુવરાજપદ મળી ચુક્યું હતું.

રાજધાનીની સમીપ "સુક્ષય" નામક એક પ્રસિદ્ધ વિહાર હતો. એક દિવસ પ્રધાને રાજકુમારને એકાન્તમાં બોલાવી કહ્યું. "વત્સ, તારાં આ સુંદર નેત્ર આગળ જતાં નષ્ટ થઇ જવાનાં છે. તેને સ્થિર સમજીશ નહિ, નેત્ર સ્વભાવિકજ ચંચળ હોય છે, ખબરદાર કંઇ પણ તેની ચંચળતાને વશીભૂત થઇ જતો નહિ. તેમાં આસ્થા રાખવી સારી નથી. અનાસ્થા—વિરાગતાજ સુખનું કારણ છે.

* * * *

વસંત આવી ચુક્યો છે. મલય-પવન ઘેર-ઘેર જઇ તેના આગમનની સુચના આપી રહ્યોછે. વૃક્ષલતા પુષ્પ આદિ સર્વે આનંદ મગ્ન દેખાવા લાગ્યાં છે. જ્યાંત્યાં ઉત્સવો ચાલી રહ્યા છે વૃક્ષપર મોર આવી કુસમો ખીલી ઉઠ્યાંછે તે બન્નેથી પ્રસન્નથઇ કોયલ પોતાના પંચમ સ્વરથી ગાવા લાગી.

આજ વસંતનો ઉત્સવછે. આખું નગ્ર એ ઉત્સવમાં જાણે ઉન્મત થઇ રહ્યું છે. ઉધાનમાં વસંતોત્સવનો ખેલ ચાલી રહ્યો છે. તેમાં મુખ્ય નાયકનો પાર્ટ આપણા વાર્તા નાયક કુણાલે લીધેલો છે. તેનું નાટય કૌશલ જોઇ દર્શકગણ સ્તબ્ધ બનીગયાં છે.

ઉત્સવ સમાપ્ત થઇ જવાબાદ મુગ્ધ નરનારી પોત પોતાને ઘેર પાછાં ફર્યાં.

રાજાન્તઃપુરની જેટલી સ્ત્રીયોહતી તે સર્વ મુગ્ધ બની રહી હતી તેમાંથી કોઇતો ઉત્સવની મધુરિમાપર મુગ્ધ હતી, કોઇ નાટયકૌશલ્યપર અને કોઇતો પાત્રોના કંઠમાધુર્ય પર મુગ્ધહતી પરંતુ તેમાંની એક એક જુદીજ બાબતપર મુગ્ધ હતી. અને તે કુણાલનું સુંદર મુખ હતું.

એ મુખમુગ્ધા યુવતી મહારાજા અશોકની બીજી મહારાણી તિષ્યરક્ષા હતી.

સર્વલોક પોતપોતાને ઘેર આવી પહોંચ્યું. પરંતુ મુગ્ધા આવી નહિ. તે પોતાના શરીરને વસંતની શિતળ લ્હેરોમાં વરતું-ફુલ્યું રાખી ફુલોની સુગન્ધિ અને ચંદ્રમાની ચાંદનીમાં ગાંડી બની રાજમહેલના દરવાજા બહાર ઉભી રહી.

કુણાલ ઘેર આવતો હતો. રાજમહિષી રસ્તો રોકી ઉભી રહી. કુણાલ પોતાની વિમાતાના આવેશપૂર્ણ નેત્રો જોઇ કંપી ઉઠયો. તે નીચું માથું કરી ત્યાં ઉભો રહ્યો. નીચેથી ઉપર દૃષ્ટિ સરખી કરી નહી.

એ મુગ્ધ અભિનયનો પડદો ઉપડતો ન જોઇ તિષ્યરક્ષા મનમારી મહેલમાં ચાલી ગઇ.

(૨)

તક્ષશિલાના રાજા કુંજકર્ણપર એક લડાઇનો પ્રસંગ આવી પડયો. તેમણે સહાયતાર્થે અશોકને આમંત્રણ મોકલ્યું. મહારાજા અશોકે એ કાર્યને માટે કુમાર-કુણાલને નિયત કર્યો.

કુણાલ સેનાપતિ બની તક્ષશિલા જઇ પહોંચ્યો. રાજાકુંજકર્ણે તેમને પોતાના રાજપ્રસાદમાં ઉતારો આપી અતિસ્નેહ પૂર્વક અતિથિ-સત્કાર કર્યો. કુણાલે કેટલાક વખતને માટે ત્યાં રહેવાનો નિશ્ચય કર્યો.

* * *

અહીંઆ મહારાજા અશોક એકાએક બિમાર થઇ ગયા. બિમારી જેવી તેવી નહોતી. મોટા મોટા વૈદોએ પ્રયત્ન કરી જોયા, પરંતુ

વર્ષ. જીવનપ્રદીપ શીઘ્ર બુઝાઇ જવાની આશંકાએ મહારાજા પોતાના ઉત્તરાધિકારીના વિષયમાં ચિંતા કરવા લાગ્યા તેમણે કહ્યું, "કુણાલ સર્વે રીતે યોગ્ય છે. તેજ મારો રાજ દંડ ગ્રહણ કરશે. માટે તેને તાકીદે બોલાવી મંગાવવાનો બંદોબસ્ત કરો."

એ સાંભળી રાણીએ પોતાના મન સાથે વિચાર કર્યો કે યદી જો કુણાલ રાજ્યાસનપર આવશે તો હું મારા વૈરનો બદલો કઇ રીતે લઇ શકીશ, મારી ધારી ધારણા ધુળમાં મળી જાય, માટે કુણાલને રાજ્યપદ પ્રાપ્ત થવા દેવું જોઇએ નહિ. એ વિચારથી તે બોલી.

"કુમારને બોલાવી મંગાવાની જરૂર નથી, આપનો રોગ જલ્દીથી મટી જશે. હું પોતે તેનો ઉપાય કરૂં છું."

મહારાજા મહિષીનાં વચનોથી પ્રસન્ન થયા, અને તેમને પોતાના જીવનની આશા બંધાઇ ગઇ.

રાણીએ પોતાને હાથે એક ઔષધી તૈયાર કરી, એથી મહારાજાનો રોગ મટી ગયો. મૃત્યુમુખમાંથી બચાવી લેવા માટે રાણીને કૃતજ્ઞતાથી ધન્યવાદ આપવા લાગ્યા.

સ્ત્રીના કુટિલ નેત્રોમાં કુટિલ હાસ્યની રેખા દેખાઇ. તે બોલી. "મહારાજ, આપનો રોગ મટી ગયો, હવે મારી એક ઇચ્છા પૂર્ણ કરો."

"અવશ્ય પુર્ણ કરીશ કહે તારી શું ઇચ્છા છે?"

"હું સાત દિવસ મહારાજાનું રાજ્ય ભોગવવા ઇચ્છું છું?

"તથાસ્તુ"

રાજ્યસિંહાસનપર બેસી મહિષીએ આજ્ઞા કરી કે:—

"તક્ષશિલાએ એક દુત મોકલી ખબર આપો કે—કુમાર કુણાલ એક મોટામાં મોટો અપરાધી છે. માટે તેનાં નેત્રો ફોડી નાખી તેને

દેશપાર કરવામાં આવે છે. રાજા કુંજકર્ણું ઘણી તાકીદથી આ હુકમનો અમલ કરવો."

પત્ર મહારાજાના નામથી લખવામાં આવ્યો અને તે ઉપર તેમની મુદ્રીકાની છાપ મારવામાં આવી.

૭

કુંજકર્ણે પત્ર વાંચ્યો અને કુમાર કુણાલને પણ વંચાવ્યો. પત્ર વાંચી કુણાલે કહ્યું;-"પુજ્ય પિતાની આજ્ઞા-રાજ્ય આજ્ઞા માનવી એ પુત્રનો ધર્મ છે. હું તે આજ્ઞાપાળવાને માટે તૈયાર છું. પરંતુ એક પ્રાર્થના કરૂં છું કે-આજ્ઞાપાલન થતા પહેલાં કોઈ પણ રીતે આ સમાચાર દેવીને કાને પહોંચે નહિ."

એ વખતે દેવી કંચન યુવરાજની સાથે તક્ષશિલાના રાજ પ્રસાદોમાં નિવાસ કરતી હતી. એવુજ બન્યું. દેવીને ખબર ન પડી અને કુમાર કુણાલની આંખો ફોડી નાખવામાં આવી.

દેવી કંચન કંઇ કહેવાને માટે કુમારના રૂમમાં આવતી હતી. દાદર ચડતાં પગ લપસી પડ્યો, સોનાનું નૂપુર પડી ગયું અને ગળામાંથી ફૂલનો હાર તુટી ગયો.

"સ્વામિન્ સ્વામિન્ આશું ?-"

તેના પ્રત્યુત્તરમાં કુમારે પોતાની સ્ત્રી તરફ મુખ ફેરવી કહ્યું; શું છે "દેવી?" પુનઃ પ્રત્યુત્તર નહિ મળતાં સમજાયું કે દેવી મુર્છીત થઇ પડી ગઇ છે.

કુણાલે કુંજકર્ણને કહેવરાવ્યું કે-દેવીની મુર્છા દુર થએ મહારાજાની બીજી આજ્ઞાનું પાલન કરીશ.

કુંજકર્ણું કુણાલને જોવાને આવ્યો હતો. તે આ કરૂણ દ્રશ્ય જોઇ અતિદીલગીર થયો. અને આંખોમાં પાણી ભરાઇ આવવાથી કંઇપણ બોલ્યા કર્યા સિવાય ત્યાંથી ચાલી ગયો.

એક દિવસ અને એક રાત્રિબાદ દેવી શુદ્ધિમાં આવ્યાં.

"સ્વામીન્! ચાલો હવે આપણે અત્રેથી વિદાય થઇ જઇએ મહારાજાની બીજી આજ્ઞાનું પાલન કરવામાં હવે વિલંબ કરવો જોઇએ નહિ."

"દેવી તમો મારા પિતાને ત્યાં ચાલ્યા જાવ પિતાનો હુકમ મારા પોતાને માટે છે. આપ તેથી મુક્તછો."

"નાથ! જ્યારથી અગ્નિદેવતા અને સુર્યદેવતાની સાક્ષીથી પવિત્ર મને આ હસ્ત આપને સોંપ્યો છે તે વખતથી આપ જ્યાં ત્યાં હું, આપથી અલગ હું કેવીરીતે રહી શકું?

યુવરાજ તથા યુવરાજ્ઞી દેશતજી ચાલી ગયાં, અને પિતાના રાજ્યની હદબહાર જઇ, વીણા વગાડતાં જ્યાં ત્યાં રખડતાં પોતાના દિવસો નિર્ગમન કરવા લાગ્યાં એ પ્રમાણે કેટલાંક વર્ષ વીતીગયાં

*   *   *

એક દિવસ એક ભિખારી અને ભિખારણે વીણા વગડતાં વગાડતાં પાટલીપુત્ર નગરમાં પ્રવેશ કર્યો.

રાજમહેલના દ્વારપર ઊભા રહેલા દ્વારપાળે ભીખારીને અંદર જતા અટકાવ્યો, અને કહ્યું, ક્યા તુમ રાજમહેલમાં જાને આતે હો! હટજાવ યહાંસે!

ભિખારી અને ભિખારણે હસ્તીશાળામાં જઈ આશ્રય લીધો.

રાત પડી ગઇ હતી. જેથી અન્ય સ્થાન શોધવાનો સમય નહોતો, માટે લાચારીએ ભિખારીને ત્યાંજ થોભવું પડ્યું.

રાજ્યધાની દિપમાળાથી સજ્જિત થઇ રહી હતી. ઘેરઘેર આનંદોત્સવ ચાલી રહયો હતો. ઉદ્યાનોમાં રાત્રી વિકાસી ફૂલ ફૂલી રહ્યાં હતાં.

જોત જોતાં દીવા બુઝાઇ ગયા. કોલાહલ બંધ થઇ ગયો, આખા નગ્રમાં શાંતિનું સામ્રાજ્ય સ્થપાયું.

તે નિસ્તબ્ધ નગ્રના મસ્તકપર શુભ્ર ચંદ્ર ઉદય થઇ ગયો હતો. નગરવાસીઓ નિંદ્રાદેવીના સ્વાધીનમાં આવી ગયા હતા.

હસ્તીશાળાનો પેહેરેદાર ઝોંકા ખાવા લાગ્યો. ઉંઘવાથી પેહનું અનિષ્ટધારી જાગવાનો ઉપાય શોધવા લાગ્યો. આવેલા નવીન ભિખારી તરફ દ્રષ્ટિ ગઈ. તેથી તે ત્યાં જઇ બોલ્યો—ભાઇ, તારી વીણા તું દરેકને સંભળાવે છે તો મને કેમ ન સંભળાવી. કર જોઇએ ચાલુ !

ભીખારીની વીણાનો સુર રાત્રીની નિસ્તબ્ધતાને ભેદી દુર દુર સુધી જવા લાગ્યો. અંધકારમાં વાયુની સાથે સાથે ક્રન્દન કરતા ફરવા લાગ્યો.

મહારાજા સુખસૈયાપર સુઇ રહ્યા હતા. વીણાના એ કરૂણ સ્વરથી જાગી ઉઠયા. અને વિચાર લાગ્યા કે આ કોઇ ચિરપરિચિત સ્વર છે, અત્યારે આ કોણ વગાડતું હશે ? ત્યાંથી તત્કાળ ઉઠી બહાર આવ્યા.

* * *

પિતાએ પુત્રને હૃદય સાથે ચાંપ્યો. મહારાજા અશોકને ચિરવિરહિત પુત્રના સુખસ્પર્શથી રોમાંચ થઇ આવ્યા.

આવાં સુંદર નેત્ર જેણે નષ્ટ કરાવ્યાં છે તે શું પોતાના નેત્ર અક્ષતરાખી જીવિત રહી શકશે. એટલું બોલતાં મહારાજાનું હૃદય ભરાઇ આવ્યું.

કુણાલે મૃદુહાસ્યથી હસીને કહ્યું "મારા નેત્ર ફોડી નંખાવ્યાથી માતાનું મન પ્રસન્ન થયું છે તો તેમની એજ પ્રસન્નતાથી હું પુનઃ નેત્ર મેળવી શકીશ."

એજ વખતે કુણાલને નેત્ર પ્રાપ્ત થયાં.

તે બાદ યુવરાજ કુણાલનો બહુ ધામધુમથી રાજ્યાભિષેક કરવામાં આવ્યો રાજ્ય ધારણ કરી તે પૃથ્વીનું સાસન ચલાવાલાગ્યો.×

પતંગીઉં

ઘણા લોકો ચિદાનંદ—ચોબેજીને પાગલ કહેતા. તેમની ચિતવૃત્તિ કંઇ વિલક્ષણ પ્રકારની હતી. તેમની રહેણી કરણી, કામકાજ, વાતચિત આદિ ઘણાં લક્ષણ આશ્ચર્યકારક હતાં. તે કંઇ ભણેલ ગણેલ ન હતા, એમ હતું નહીં, પણ તેમને થોડું ઘણું સંસ્કૃતનું જ્ઞાન હતું. પરંતુ જે વિદ્યાથી અર્થોપાર્જન ન થાય, તે વિદ્યા શા કામની? તેને હું વિદ્યાજ નથી કહેતો. ભલે કોઇ કેટલોએ મૂર્ખ કેમ ન હોય, ભલે તેને જ્ઞાનના નામે માત્ર પોતાના દસ્કત કરવા જેટલુંજ આવડતું હોય, તો મારા મતાનુસાર તે પંડિત છે; અને ચિદાનંદ જેવા જેવા વિદ્વાન—જેને—દશ—વીશ પુસ્તકોનું જ્ઞાન હોય છતાં—તદ્દન મૂર્ખ છે.

ચિદાનંદ એક વખતે નોકરી મેળવવા ભાગ્યશાળી થયા હતા. એક સાહેબ બહાદુરે તેમની અંગ્રેજી વાતચિત સાંભળી પોતાની આફિસમાં તેમને કલાર્ક તરીકેની જગ્યા આપી હતી. પરંતુ આપણા ચિદાનંદથી આ નોકરી થઇ શકી હતી નહીં. તે આફિસમાં જઇ આફિસ સંબંધી કામ કરતા હતા. આફિસનાં રજિસ્ટરોમાં કવિતા લખતા હતા. આફિસના કાગળ પત્રોમાં 'શેકસપિયર' નામક

લેખકનાં વચન લખી રાખતા હતા, અને બિલ-બૂકોના પૃષ્ટ પર ચિત્ર બનાવ્યા કરતા હતા. એક વખતે સાહેબે તેમને માસિક પે-બિલ તૈયાર કરવા કહ્યું. ચિંદાનંદજીએ બિલ બુકપર એક ચિત્ર બનાવી-તૈયાર કરી-આપ્યું! તેનો ભાવ એ હતો, "કેટલાક ભિક્ષુકો સાહેબ પાસે આવી ભિક્ષાની યાચના કરે છે, અને સાહેબ-બહાદુર તેમની આગળ બબ્બે ચાર ચાર પૈસા ફેંકે છે!" ચિત્રની નીચે "વાસ્તવિક પે-બિલ" શબ્દો લખેલા જણાતા હતા! સાહેબે આ નુતન પે-બિલ જોઈ ચાબોજીને કંઇ કહ્યા-સાંભળ્યા વગર વિદાય આપી દીધી!

બસ, ચિંદાનંદજીની ચાકરીનો હવે અંત આવ્યો. આ ઘટના થયા પછી તેમણે કોઇ નોકરી ન કરી. આવશ્યકતા પણ ન હતી. લગ્નની જંજાળમાં તે પૂર્વે કોઇ દિવસ ફસ્યા ન હતા. જ્યાં રહેતાં હતા, ત્યાં જો પેટ પુરતું ભોજન અને લોટાપુર ભાંગ મળ્યાં, તો પછી કોઈ વસ્તુની તેમને આવશ્યકતા રહેતી નહી! તેમને રહેવાનું કોઇ સ્થાન ન હતું. જ્યાં ત્યાં પડી રહેતા. થોડા દિવસ તો તેમણે મારા ઘરમાં પણ વ્યતિત કીધા. પાગલ જાણીને હું તેમની દયા લાવતો. પરંતુ હું પણ તેમને હવે વધું દિવસ રાખી શક્યો નહીં. ક્યાંએ સ્થિર થઇ રહેવું એ તેમના સ્વભાવમાં હતુંજ નહિ. એક દિવસ તે સવારના પહોરમાં ગેરૂઆ વસ્ત્રો બ્રહ્મચારી સમાન ધારણ કરી દેવ જાણે ક્યાં એ પલાયનમ: કરી ગયા, કે ઘણી તપાસ અને શોધ ખોળ કરવા છતાએ તેમનો ક્યાંએ પતો મળ્યો નહીં.

તેમની પાસે કંઇ લખેલા કાગળોનું બંડલ હતું.

⊙ ⊙ ⊙

રસિક બાબુની બેઠકમાં ગ્લોબદાર એક મોટા લેંપ પ્રકાશિત છે. પાસેજ હું ચિદાનંદ–માલિકના ઢંગથી બેઠેલો છું. રસિક બાબુ બેઠબેઠા ભારતવાસીઓના આ પરસ્પરના કુસંપ સબંધી વાતચીત કરી રહ્યા છે. ભારતવાસીઓના આ કુસંપથી ક્રોધિત થઇ આજે હું ભાંગની ડબલ માત્રા ચઢાવી–ગટગટાવી ગયો છું ! વિધાતાએ મારા ભાગ્યમાં આજ લખેલું હતું ! આ સમગ્ર બ્રહ્માંડની અનાદિ ક્રિયા પરંપરાના નિયમોમાં વિધાતાએ વિશેષમાં લખેલું હતું, કે વિશમી શતાબ્દિમાં શ્રી ચિદાનંદજી ચતુર્વેદી પૃથ્વી પર અવતાર લઇ આજ રાત્રે રસિક બાબુના બેઠકમાં બેસી આવશ્યકતાથી પણ અધિક ભાંગ ચઢાવી જશે ! ત્યારે મારી શી મજાલ કે હું તેને અન્યથા–મિથ્યા કરી શકું ?

નિશામાં ઝુમતાં ઝુમતાં મેં જોયું, એક પતંગીઉં આવી લેંપની ચારે તરફ ફરી "ભન–ભન" કરવા લાગ્યું. નિશાના ઝોકામાં મેં વિચાર્યું. શું હું આ પતંગીઆની ભાષા નથી સમજી શકતો ? થોડી વાર સુધી કાન ધરી સાંભળતો રહ્યો, પરંતુ કંઇ પણ સમજી શક્યો નહીં. મનમાં ને મનમાંજ મેં પતંગીઆને કહ્યું, "તું આ શું 'ભન–ભન" "ભન–ભન" કરી રહ્યો છું ? હું તો કંઇ પણ કળી શકતો નથી." એકાએક બંમ–ભવાનીની કૃપાથી મને દિવ્ય કાન મળ્યા. મેં સાંભળ્યુ–પતંગીઉં કહે છે–"હું આ પ્રકાશની સાથે વાત-ચિત્ત કરી રહ્યું છું તમે ચુપ રહો !!" ત્યારે હું ચુપ થઇ પતંગી-આની વાતચીત સાંભળવા લાગ્યો. પતંગીઉં કહેતું હતું:—

"જુઓ, પ્રકાશ મહાશય ! પહેલાં તમે સારા હતાં. પીતળની દીવી-પર માટીના દીપકમાં તમે શોભતા હતા, અને અમે કંઈ પણ

વાંચા વિના બળી મરતા હતા. હવે તમે પણ અંગ્રેજી ફેશનના ભક્ત થઇ કાચના ઘેરામાં—દુર્ગમાં ભરાઇ બેઠા છો. અમે ચારે તરફ ફરીએ છીએ, પરંતુ તમારી નિકટ—અંદર આવવાનો રસ્તો શોધી શકતા નથી—બળીને મરવાનું અમને નથી મળતું.

"જુઓ, આ પ્રકારે બળી મરવાનો અમને અધિકાર છે—હક્ક—છે રાઇટ છે. અમારી જાતિ સદા પ્રકાશમાં બળીને મરતી આવી છે કોઇ કાળે કોઇ પણ પ્રકાશે અમારા આ કાર્યમાં વિઘ્ન ઉપસ્થિત નથી કરેલ. તેલના પ્રકાશે, મીણબત્તીના પ્રકાશે, લાકડાના પ્રકાશે—કોઇ પણ પ્રકાશે અમને રોકેલ નથી, પ્રભુ પછી તમે કેમ કાચના દુર્ગમાં બેસી અમને બળી મરવા નથી દેતા ? અમે ગરીબ પતંગીઆં છીએ અમારાપર આ સહમરણ નિષેધનો કાયદો શાને લાગુ પાડો છો ? અમે શું હિંદુઓની સ્ત્રીઓ છીએ કે બળીને નહીં મરી શકીશું ?

"જુઓ, હિંદુઓની સ્ત્રીઓ અને અમારામાં ઘણો અંતર છે. હિંદુઓની સ્ત્રીઓ આશા ભરોસાની હાજરીમાં કદી પણ મરવા ઇચ્છતી નથી. પહેલે વિધવા થાય છે. પછી સતી, અમારી જાતી એવી છે જે સદા આત્મત્યાગ કરવા માટે તત્પર હોય છે, અમારી સાથે સ્ત્રી જાતિની તુલના કેવી ?

"એટલું સત્ય છે, અમારા માફક સ્ત્રીઓ પણ રૂપની અગ્નિ જોઇ તેમાં ફસાઇ પડે છે, ફળ-પરિણામ પણ એકજ આવે છે. અમે પણ બળી મરીએ અને તેઓ પણ બળી મરે છે; પરંતુ જુઓ, તેમના તે બળી મરવામાં સુખ છે, પરંતુ અમને શું સુખ છે ? અમે કેવળ બળી મરવા માટે બળીએ છીએ—મરવા માટે મરીએ છીએ. શું સ્ત્રીઓ પણ આવું કરી શકે છે ? ના. તે, પછી અમારી સાથે તેમની તુલના કેવી ?

"સાંભળો, જે જ્વાળાપરિપૂર્ણ રૂપની અગ્નિમાં આ શરીરની આહુતિ ન આપી, તો પછી આ શરીર શા માટે છે? અન્ય જીવ શું વિચારતા હશે તે તો અમે નથી જાણતા-કહી શકતા. પરંતુ અમે પતંગ જાતિનાં જીવ છીએ. અમે ઘણો વિચાર કરવા છતાં પણ નથી જાણી શકતાં કે આ શરીર શા માટે છે? આને લઇ અમે શું કરીશું? અમે નિત્ય પુષ્પરસ પીએ છીએ, નિત્ય જગતને પ્રફુલ્લિત કરનારાં કિરણોમાં વિચરીએ છીએ; પરંતુ શું આમાં સુખ છે? ફૂલોમાં તેજ એક ગંધ છે, મધુમાં તેજ એક મધુરતા છે, સૂર્યમાં તેજ એકજ પ્રકારનો પ્રકાશ છે. આવા અસાર, જૂના વિચિત્રતા શુન્ય જગતમાં રહેવું કોને સારૂ લાગશે? હે પ્રકાશ મહાશય! આ દુર્ગમાંથી બહાર આવો બળતી રૂપની શિખા પર અમે અમારાં શરીરને-પ્રાણને નિછાવર-કુરબાન-અર્પણ કરી દઇએ.

"જુઓ, હું તમારી પાસે ઘણીજ સાધારણ ભિક્ષાની યાચના કરૂં છું. મારો પ્રાણ તમને અર્પણ કરી જઇશ. શું તમે નહીં સ્વીકારશો? દેવા સિવાય તમારી પાસેથી મારે કઇ પણ લેવું નથી-માત્ર આપવું જ છે. પછી આમાં તમારે શી હાનિ છે? તમે પોતાના રૂપમાં બળવા માટે જન્મ લીધો છે, અને અમે તમારા તે રૂપમાં-પ્રકાશમાં બળી મરવા માટે જન્મ લીધો છે. આવો, જેનું જે કામ છે તે કરતા જઇએ. તમે હસતા રહો, અને હું બળ્યા કરૂં.

"તમે અખિલ સંસારને બાળી નાખવાની શક્તિ રાખો છો. જગતમાં એવી કોઇ વસ્તુ નથી કે જે તમને રોકી શકે. પછી તમે આ કાચના દુર્ગમાં શા માટે છુપાઇ બેઠા છો? આખા જગતની ગતિનું કારણ તમે હોઇને, શા માટે આ કારાગૃહમાં પડ્યા છો? ક્યા મુખે

આ કાચનો દુર્ગ બનાવેલ છે? અને કયા પાપીએ તમને આની અંદર બંધ કરી રાખેલ છે? પણ તમે તો વિશ્વવ્યાપી છો. કાચનો દુર્ગ તોડી શું તમે મને દર્શન નથી દઇ શકતા?

"તમે શું છો એ હું નથી જાણતું. એ નહીં જાણવા છતાં કેવળ એટલું કહી શકુ છું. કે તમે મારી વાસનાની વસ્તુ છો. જાગૃતાવસ્થામાં ધ્યાનની સામગ્રી, નિદ્રાવસ્થામાં સુખનું સ્વપ્ન જીવની આશા અને મરવાનો આશ્રય છો. તમને કદાપિ પણ જાણી શકીશ નહીં-જાણવા ઇચ્છતુ પણ નથી. જે દિવસે જાણી લઇશ, તેજ દિવસે મારૂં સુખ પણ વિદાય લેશે.' જે વસ્તુ ચાહની હોય છે તેનુ સ્વરૂપ જાણી લીધા પછી તે સુખની સામગ્રી વા ચાહને વસ્તુ રહેતી નથી.'

"તમને શું હું નહીં મેળવી શકીશ' કેટલા કાળ પર્યંત તમે આ કાચના દુર્ગમાં રહેશો? શું હું આ કાચને નહીં તોડી શકીશ? ઠીક. રહો, હું તમને છોડનાર નથી. હમણાં ફરી આવું છું.'

"ભન-ભન" કરી પતંગીઉં ઉડી ગયું

એટલામાં રસિક બાબુએ મને ઢંઢોળ્યો. "ચોબેજી!" હું બોલી ઉઠયો. આંખો ખોલી જોયું-જણાયું કે રસિક બાબુ ન પોકારત તો હું આગિકાને લઇ તખ્તા-બાર નીચેજ પડી રહ્યો હત! રસિક બાબુ તરફ કેટલીક વાર આંખો ફાડી ફાડીને જોયું, પરંતુ તેમને ઓળખી ન શક્યો.. એવું જણાયું, એક મોટું પ્રચંડ પતંગીઉં આગિકાને એકલી મુકી ગડગડાવી રહ્યું છે. તે મારાથી વાતચીત કરવા લાગ્યા. મને જણાયું કે પતંગીઉં "ભન-ભન" "ભન-ભન" કરી રહ્યું છે. ત્યારથીજ મને જણાવા લાગ્યું, જેટલા મનુષ્યો છે તે સર્વે પતંગીઆં

છે. સર્વેને બળી મરવા માટે એક ને એક અગ્નિ છે. સર્વે તે અગ્નિમાં બળી મરવા ઇચ્છે છે. સર્વે જાણે છે કે તે અગ્નિમાં બળી મરવાનો તેમનો અધિકાર છે. તેમનામાંથી કોઇ બળી મરેછે, અને કોઇ કાચના દુર્ગ સાથ અથડાઇ—ટકરાઇ પાછો ફરે છે. જ્ઞાનની અગ્નિ, ધનની અગ્નિ, માનની અગ્નિ, રૂપની અગ્નિ, ધર્મની અગ્નિ, ઇંદ્રિયોની અગ્નિ—ક્યાં સુધી ગણાવીએ ? સંસાર સર્વ અગ્નિમયજ છે. આ અગ્નિમય સંસારમાં કાચનો ઘેરો દુર્ગ પણ છે. જે પ્રકાશને જોઇ કોઇ મોહીત થાય છે—મોહીત થઇ તેમાં યાહોમ કરી પોતાને ઝંપાલાવવા ઇચ્છેછે પણ—તે । તો નથી પામી શકતા—પાછા" ભન—ભન" કરતાં ચાલ્યા જાય છે, અને ફરી ફરી તેની આસપાસ ચક્કર લગાવે છે, જો ઘેરો દુર્ગ ન હોવ તો સંસાર આજે ક્યારનોએ બળી ભસ્મીભૂત થઇ ગયો હોત. જો સર્વ લોકો ધર્મના જ્ઞાતા થઇ ધર્મની અગ્નિને અજ્ઞાનતાના આવરણથી અલગ જુઅત તો આ સંસારનો કાર્ય વ્યવહાર ક્યાં સુધી ટકી રહેત ? ઘણા મનુષ્યો જ્ઞાનાગ્નિપર ચડેલા હોઇ, કાચના દુર્ગ સાથ અથડાઇ—ટકરાય બચી જાયછે. પરંતુ "સોક્રેટિસ" અને ગેલિલિયો" તેમાં બળી મર્યા. રૂપની, ધનની, અને માનની અગ્નિમાં તો અમે નિત્યે હજારો પતંગીઆને બળી મરતાં નિહાળીએ છીએ.

આ અગ્નિદાહનુ જેમાં વર્ણન થાય છે. તેને કાવ્ય કહે છે. મહાભારતના લેખકે માનની અગ્નિ ઉત્પન કરી તેમાં દુર્યોધન—પતંગીઆને બાળી ભસ્મ કર્યો. જગતમાં એક અદ્વિતીય કાવ્યગ્રંથની રચના થઇ. જ્ઞાનાગ્નિમાં બળવાનાં ગીત "Paradise Lost." નામક ગ્રંથમાં ગાવામાં આવેલા છે. ધર્માગ્નિનો અદ્વિતીય કવી "સેન્ટ પોલ" ગણાય છે. ભોગાગ્નિના પતંગીઆ" પ્લેટોની અને ફિલઓપે-

રૂ"હતાં. શેક્સપિયરના "રોમિઓ જુલિયટ" હતાં. કવિ "ઓથેલો"માં, હરિસુખાગનિ "ગીતગોવિંદ" અને "વિદ્યાસુંદર"માં પ્રજ્વલિત છે. સ્નેહાગ્નિમાં સીતા-પતંગીઆને બાળવા માટે "રામાયણ" ની રચના થઇ છે.

અગ્નિ શો પદાર્થ છે, તે અમે નથી જાણતા. રૂપ, પ્રકાશ, તાપ, ક્રિયા, ગતિ આદિ શબ્દોનો કંઇ અર્થ જનથી અહીંઆ દર્શનશાસ્ત્ર હાર માને છે, વિજ્ઞાન હાર માને છે, ધર્મ પુસ્તકો હાર માને છે, કાવ્યના ગ્રંથો હાર માને છે. ઇશ્વર શું છે! સ્નેહ શું છે, તે અમે કંઇ પણ જાણતા નથી, છતાં તેજ અલૌકિક અજ્ઞાત પદાર્થોને ઘેરી લેઇને ચક્કર મારીએ છીએ. અમે પતંગીઆ નથી તો શું છીએ ?

જુઓ, બન્ધુ પતંગદળ ! આ પ્રકારે ચક્કર મારવામાં-ભટકવામાં કંઇ પણ લાભ નથી. બની શકે તો અગ્નિમાં પોતાને ઝંપલાવી બળી મરો. ન બની શકે તો ચાલો "બન-બન" કરી પાછા ફરીએ.

(સાહિત્ય.)

સાંપ્રત-સમય.

સ્થાનિક ૦-૫-૦ બહારગામ ૦-૮-૦ લઇ ચાલુ કરવામાં આવે છે. ઘણાજ ઉત્તમ લેખોથી ભરપુર અને બોધદાયક માસિકના તાકીદે ગ્રાહક થાઓ.

વિનોદ કુંજ.

તે-તારામાં એક પૈસા ભાર અક્કલ નથી.

તેણી-નજ હોય. અર્ધાંગના તમારી કોની !

× × ×

"કેમ ભાઇ ! અઇ સોટરી કરતાં આ વખતે ફાયદો છે કે નહિ ?

"જી. જો કે મનામ મળ્યું નથી તો પણ ગઇ વખતે ટીકીટ લેવા જતી વખતે કોઇ ખીસું કાતરી ગયું હતું આ વખતે તેમ થયું નથી."

× × ×

ધણી-સાંભળ્યું કે ! જે બેંકમાં બે રૂપિઆ મુક્યા હતા તેણે દેવાળું કાઢ્યું.

ધણીઆણી-સારૂ થયું કે હજી ચેકબુક ઘેરજ છે.

× × ×

"તમે મને ચાર દિવસ પહેલાં પાંચ રૂપિઆ આપ્યા હતા તે તમને આજે પાછા આપતા મને બહુજ આનંદ થાય છે."

"તમને તો માત્ર આનંદજ થાય છે પણ મને તો આનંદની સાથે આશ્ચર્ય પણ થાય છે.

× × ×

રામલાલ-જુઓ કૃષ્ણરાય, તમારો નાનો ભાઇ જેને તેને મોઢે મારૂં બુરૂ બોલે છે.

કૃષ્ણરાય-હું એ નદન મૂર્ખ છે. જે વાત હું ઘેર કરૂં છું તેજ એ બહાર બોલે છે.

લેખક-વિશ્વવિહારી.

પ્રેમની ઉજાણી!

(ગઝલ)

પધારો પ્રેમના ભોગી ખરા પ્રેમે ઉજાણીમાં
અમારૂં એ નીમંત્રણ સ્વીકારો આ ઉજાણીમાં.
અલંકારો ધર્યાં અંગે પહેર્યું સૌંદર્ય તમામે
રમાડીને હૃદયરંગે ખરા પ્રેમે ઉજાણીમાં.
અમર આ પ્રેમથી પીરશે નુતન એ પ્રેમનાં ભોજન
જમોને સ્નેહથી પ્યારા ખરા પ્રેમે ઉજાણીમાં.
અમર આ આપને અરપે શીતળ સુધા સમાં વારી
પીવાડોને તૃષા પ્યારા ખરા પ્રેમે ઉજાણીમાં
લીધા આ પ્રેમનાં પાનો અને મુખવાસ અલબેલા
જમો બહુ સ્નેહ દર્શાવી ખરા પ્રેમે ઉજાણીમાં
બનીશું પ્રેમના ચેતમણુ અરેના! પ્રેમની ભાગણુ
જણાવા પ્રેમનાં શાસ્ત્રો ખરા પ્રેમે ઉજાણીમાં
લીધીને રમતા બાના અમારી પ્રેમની ભેટો
બનીને પ્રેમમાં ઘેલા અમારા ઉરને ભેટો.

પાનોદપુર) લેખક—ચીમનલાલ ડી. હકીમ

" જગત્ પિતા "

લેખક:—તંત્રી ડહાપણુ જામનગર.

સકળ વિશ્વ વ્યાપક તુજ શક્તિ.
સ્થળ નવ રહેતું શેષ;
અનાદિ તું ને અનંત તું છે,
નિત્ય તથા પરમેશ. ૧
શુદ્ધ કરે અમ કાયિક શક્તિ,
પૂર્ણ કરી પ્રભુ દે;
શુદ્ધ વળી અમ માનસ શક્તિ,
ધ્યાન મહિં પ્રભુ લે. ૨
વિશ્વ મહાન રચ્યું છે તેં,
તુજ શક્તિ અદ્ભુત છે;
કળાય ના કળાતા તેતા ય છ
વિચાર પણ અટકે. ૩
અતીવ પાસે, અતીવ દૂરે,
સ્થળ સ્થળ તું તો છે;
વ્યક્ત ખરો ને અવ્યક્ત પણ તું
અભેદ પણ તું છે. ૪
સૃષ્ટા ને સંહર્તા છે તું,
પાલક પણ પોતે;
જગત્ પૂજ્ય ને જગત્ પિતા તું,
અનિત્ય અનંત પણ છે. ૫
વિશ્વ સકળનો તું પાલક તું,
તુજથી સૌ જીવે;
તું છે તાત, અમો તુજ બાળક,
દિવ્ય જીવન અમ દે. ૬

ઇનામો ! સુંદર ભેટો ! ઇનામો !

અમારા કાર્યાલય તરફથી "પુષ્પહાર" અને "સરસ્વતિ વાર્તમાળા" નામની બે વાર્તામાળાઓ બહાર પડે છે. પુષ્પહારનું વાર્ષિક મુલ્ય માત્ર રૂપિઆ એક છે અને "સરસ્વતી" માળાનું મૂલ્ય ૧ ૨ ૦ છે. બન્નેમાંની કોઇ પણ માળાના ગ્રાહકો વધારનારને નીચે મુજબ કીમતી ઇનામો આપવામાં આવશે. ગ્રાહક વધારવા માટે હેન્ડબીલો વગેરે મેનેજરને લખવાથી મોકલવામાં આવશે ગ્રાહક વધારનાર પુષ્પહારના ગ્રાહક હોવા જોઇએ. વાર્ષિક મુલ્ય મળી ગયા પછીજ ભેટો મોકલવામાં આવશે. ભેટોનું પોષ્ટ ખર્ચ મેળવનારને શીરછે વગે

૧	૨૦	ગ્રાહક	વધારનારને	એક ગારોપ નીકલ ઘડીયાળ
૨	૧૫	"	"	સુંદર ઇન્ડીપેન
૩	૧	"	"	એક ચાંદીનો અછોડો
૪	૯	"	"	સુગંધીદાર ત્રણ સાબુનું બાક્સ
૫	૮	"	"	પુષ્પહાર આખું વર્ષ મફત.
૬	૭	"	"	સુગંધીદાર હેરઓઇલની બાટલી
૭	૬	"	"	અત્તરદાન સેન્ટની શીશી
૮	૫	"	"	ચાંદીનું એક કોલર બટન
૯	૪	"	"	સૌ. પુષ્પ સચિત્ર વાર્તાઓની બુક
૧૦	૩	"	"	ખુબસુરત [illegible] ત્રણ [illegible]
૧૧	૨	"	"	એક ફેન્સી રૂમાલ

લખો:—"પુષ્પહાર" ઓફીસ.
બેગમપુરા—સુરત.

તથાપિ દુર રાખે શું ?

વિયોગે ઝુરવતો શું તું ! પ્રભો ! ના કેમ જાણે તું ?
હૃદય વિશ્રામ મારો તું ! તથાપિ દૂર રાખે શું ?
વિષયનો ત્યાગ મેં કીધો, સરસ બ્રહ્મ પંથ મેં લીધો
પ્રભુ ! તુજ પ્રેમને પીધો. તથાપિ દુર રાખે શું ?
જાપ સતત જપ્યો છું, તમોને નાથ ! ભજાવો છું,
જગત પાલક ગુરૂ છે તું ! તથપિ દૂર રાખે શું ?
કરેલા કોલથી વ્હાલા, અતિ સાથ રહું પ્યારા,
ભજુ હરનિશ પ્રભુ ! રૂડા, તથાપિ દૂર રાખે શું ?
જહાનો કષ્ટથી તાર્યાં, અધમને આજ ઉગાર્યાં,
દયા લાવી ગણ્યો તારો, તથાપિ દૂર રાખે શું ?
નિયંતા નામથી તું તો, ઉદ્ધારે છે અધમ ભૂતો,
ચહું છું અન્તમાં હું તો, ભલા શાં દૂર રાખો તું !

સ્નેહયોમી મદન
ધુળિયા-ખાનદેશ

સ્નેહયોગી
મોહનલાલ જુઠાભાઈ

દુશ્મનોપર ગોળીઓ.

લડાઈનાં ગોળીઓ વગર દુશ્મનો મરતા નથી શરીર પર રોગ અને નબળાઈ રૂપ દુશ્મનોના પસારાને હટાવવાને તથા તેઓનો નાશ કરવાને આતંકનિગ્રહ ગોળીઓનો ઉપયોગ કરનાર માણસ પુર્ણ ફતેહ મેળવે છે. હાથથી જતા લાગેલા શરીરરૂપ કિલ્લાને બરાબર પોતાના કબજામાં રાખી શકે છે. એટલુંજ નહિ પણ લાંબી મુદતે પણ ખડ બડ નહિ એવી રીતે તેને મજબુત બનાવી શકે છે.

આ ગોળીઓ પાચન શકિતને સુધારે છે લોહી તથા વીર્યના દરેક જાતના વિકારને દુર કરે છે અને શરીરમાં તેજ તથા તાકાત આપે છે.

કિંમત ગોળી ૩૨ની ડબી ૧નો રૂ. ૧-૦-૦

વધારે વિગત જાણવાને પ્રાઇસલિસ્ટ મંગાવો.

વૈદ્યશાસ્ત્રી મણીશંકર ગોવીંદજી.

સુરતના એજંટ—
ઉત્તમરામ ઉમેદરામ
ઝાંપાબજાર સુરત.

માલેક આતંકનિગ્રહ ઔષધાલય.
જામનગર કાઠિયાવાડ.

સમાચાર.

વડોદરા રાજ્યના સ્વામી સ્વરૂપ બાળયોગી દ્વારકાની શારદાપીઠના શંકરાચાર્યની ગાદી માટે ઉમેદવાર તરીકે બહાર પડ્યા છે.

વડોદરા રેલ્વે તરફથી ઠરાવ કરવામાં આવ્યો છે કે ઉતારૂઓ મેવો અને શાક ભાજી વગેરેનાં પારસલો તોળાવી અડધા દરથી પોતાની સાથે રાખી શકતા હતા તે હવેથી પુરૂ નુર ભરનારજ સાથે રાખી શકશે.

મુંબાઈમાં ડોકટર બાલ્ફોરના પ્રમુખપણા હેઠળ ગાંધર્વ મહાવિદ્યાલયના મકાનમાં હિંદી તેમજ અંગ્રેજી વાજીંત્રનું પ્રદર્શન ખુલ્લું મુકવાની ક્રિયા તા. ૧૫ માર્ચે થઇ હતી.

અમેરિકામાં પ્રાથમિક કેળવણીને માટે દર માથા દીઠ રૂ. બાર, ઈંગ્લાંડ અને વેલ્સમાં રૂ. ૭॥ ખરચાય છે ત્યારે હિંદમાં માથા દીઠ ગણ્યાગાંઠ્યા પોણા બે આના ખરચાય છે !!

આ પુષ્પ સાથે "દંપતી હિતેચ્છુ" મફત માસિક પત્રના હેંડબીલો વહેંચવામાં આવ્યા છે તે તરફ વાંચકોનું લક્ષ ખેંચવામાં આવે છે.

આ પત્ર સુરત, ખપાટીયા ચકલા, તાસવાળાની પોળ, લક્ષ્મીનારાયણની વાડીમાં આવેલ 'જૈન વિજય' પ્રિન્ટીંગ પ્રેસમાં મુળચંદ કિસનદાસ કાપડીઆએ છાપ્યું અને ચંપકલાલ ગીરધરલાલ જરીવાલાએ-સુરત બેગમપુરા, જુલામોદીની પોળમાં આવેલી પુષ્પહાર ઓફીસમાંથી પ્રગટ કર્યું.